આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૩૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### રાજ્યના વિવિધ પ્રવાસન અને યાત્રાધામોના વિકાસ માટે એક જ દિવસમાં રૂ. ૨૮.૬૮ કરોડના કામોને મંજૂરી

## ઘડોઈ મંદિર પરિસર માટે રૂા. ૧.૮૦ કરોડ અને 'ડાંગ દરબાર' માટે રૂ. ૧.૨૫ કરોડની જોગવાઈ

**વલસાડના ઘડોઈ સ્થિત શ્રી ઘાટકેશ્વર મહાદેવ મંદિર પરિસરને પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવવા માટે રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા અને પાર્કિંગ જેવી આધુનિક સુવિધાઓ વિકસાવવાનો મહત્વનો નિર્ણય**






(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૦૩ :** રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા આજે એક જ દિવસમાં વિવિધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો માટે અંદાજે રૂા. ૨૮.૬૮ કરોડના વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણય હેઠળ વલસાડ જિલ્લાના ઘડોઈ ખાતે આવેલા ઘાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવા કામો માટે રૂ. ૧.૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. તથા પાડોશી ડાંગ જીલ્લામાં આદિવાસી સંસ્કૃતિના પ્રતિક સમાન ડાંગ દરબાર-૨૦૨૬ના ભવ્ય આયોજન માટે અત્યારથી જ રૂ. ૧.૨૫ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જયારે જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લા ખાતે પ્રવાસીઓની સુવિધામાં વધારો કરતા પ્રથમ તબક્કા માટે રૂા. ૧.૦૭ કરોડના ખર્ચને મંજૂરી અપાઈ છે. અહીં ભવિષ્યમાં પ્રવાસીઓ માટે બે લિફ્ટની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત, સુપ્રસિધ્ધ હર્ષદ માતાના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે રૂા. ૨૦.૦૯ કરોડના કામોનો વર્ક ઓર્ડર આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

ધાર્મિક સ્થાનોની વાત કરીએ તો, મહેસાણાના શંખલપુર સ્થિત શ્રી ટોડા બહુચરાજી માતાજી મંદિર માટે રૂા. ૬૦.૬૪ લાખ તેમજ અમરેલીના બગસરા સ્થિત આઈશ્રી ખોડિયાર મંદિર, સુડાવડ ખાતે કામો માટે રૂા. ૪૯.૮૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. પંચમહાલ જિલ્લાના ગોધરામાં મહાત્મા ગાંધી દ્વારા ૧૯૧૭માં સ્થાપિત ઐતિહાસિક ગાંધી આશ્રમના રિનોવેશન માટે રૂ. ૩.૩૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ તમામ વિકાસલક્ષી કામો આગામી સમયમાં ગુજરાતના પ્રવાસન નકશાને વધુ સુદ્રઢ બનાવશે અને શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ માટે સુવિધાઓના નવા દ્વાર ખોલશે.

### સાબરમતી સંકુલની લીફ્ટ અચાનક ઉપર ખેંચાઈ ગઈ

## વલસાડની સરદાર હાઈટ્સમાં લીફ્ટ અકસ્માત : એકનો ઉગારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડના સરદાર હાઈટ્સ સંકુલમાં સાબરમતી બિલ્ડિંગમાં આજરોજ એક આધેડ નવમાં માળેથી ગ્રાઉન્ડ ફલોર પર લિફટમાં જતી વખતે ગ્રાઉન્ડ ફલોર ઉતરતી વખતે લિફટ અચાનક ઉપર ખેચાય જતા મોટી દુર્ઘટના સર્જાઈ જેમાં આધેડનો આબાદ બચાવ થયો હતો. જેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

વલસાડ શહેરના તિથલ રોડ પર આવેલી ના સરદાર હાઈટ્સ ગુજરાત હાઉસિંગ બોર્ડ સંકુલમાં આવેલ સાબરમતી બિલ્ડીંગમાં વત્સલ પંચાલ બિલ્ડીંગ માં રહે છે. આજરોજ સવારે ૭ : ૩૦ કલાકે વત્સલ પંચાલ જેવો લિફ્ટ માં બેસી ગ્રાઉન્ડ ફ્લોર પર જઈ રહ્યા હતા. તે દરમિયાન લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર પહોંચતાની સાથે દરવાજો ખુલતા વત્સલ પટેલ લીફટની બહાર પગ મુકતાની સાથે જ લિફ્ટ પાછી ઉપર ખેંચાઈ જતા તેઓ નીચે પટકાતા આબાદ બચાવ થયો હતો. જેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. સમગ્ર સંકુલમાં કુલ ૩૬ લિફ્ટ કાર્યરત છે.

જે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ઓમેગા કંપનીના લિફ્ટ લગાવવામાં આવેલ છે અને હાલ તમામ ૩૬ લિફ્ટનો સર્વિસ કોન્ટ્રાક્ટ ઓમેગા કંપનીને આપવામાં આવ્યો છે ત્યારે એનુઅલ મેન્ટેનન્સની કામગીરી પણ લાખો ના ખર્ચે તેમની જ દેખરેખ હેઠળ ચાલી રહી છે.

## સંજાણ સ્ટેશન પાસેનો અન્ડરપાસ સત્વરે પૂર્ણ કરવા સાંસદની રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ-ડાંગ લોકસભા બેઠકના સાંસદ અને લોકસભા વ્હીપ ધવલ પટેલે સંજાણ રેલવે સ્ટેશન નજીક લેવલ ક્રોસિંગ-૬૮ (LC-૬૮) પર બની રહેલા અન્ડરપાસના કામમાં થઈ રહેલા વિલંબ અંગે ગંભીરતા દાખવી છે. તેમણે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)ને પત્ર લખીને ગર્ડર લોન્ચિંગ માટે તાકીદે ટ્રાફિક બ્લોક આપવા માંગ કરી છે. સાંસદ ધવલ પટેલે રેલવે તંત્રનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, સંજાણ રેલવે સ્ટેશન પાસે આવેલા અન્ડરપાસનું કામ વાહનવ્યવહારની સુગમતા અને સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. આ અન્ડરપાસ તૈયાર થવાથી લેવલ ક્રોસિંગ નાબૂદ થશે, જેનાથી અકસ્માતોની શક્યતા ઘટશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળશે. પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે,અન્ડરપાસ માટે જરૂરી ગર્ડર ઈન્સ્ટોલેશનની કામગીરી લાંબા સમયથી પેન્ડિંગ છે. રેલવે તરફથી જરૂરી ટ્રાફિક બ્લોક (ટ્રેનોની અવરજવર રોકીને કરવામાં આવતું કામ) ફાળવવામાં ન આવતા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અટવાયો છે. તેમણે રેલવે તંત્રને વિનંતી કરી છે કે વહેલી તકે જરૂરી મંજૂરી આપી ગર્ડર લોન્ચિંગનું કામ પૂર્ણ કરવામાં આવે, જેથી અન્ડરપાસ જલ્દીથી શરૂ થઈ શકે અને જનતાને તેનો લાભ મળે.

## ખેરગામ પોલીસ પાસેથી ૧૫ ગામોનો હવાલો ચીખલીને સોંપાયો

**ચીખલી પોલીસ મથકમાં હવે ૭૦ જેટલા ગામોનો વહીવટ રહેશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૩ :** ચીખલી તાલુકા સમાવિષ્ટ ૧૫ જેટલા ગામોને ખેરગામ પોલીસ મથકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો જે હવે ફરીથી ચીખલી પોલીસ મથકને કાયદો અને વ્યવસ્થા જાળવવાની સત્તા આપવામાં આવતા હવે ચીખલી પોલીસ મથકમાં ૭૦ જેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે તારીખ ૧. ૩. ૨૬ ના રોજ થી અમલમાં મૂકવામાં આવ્યો છે. ચીખલી પોલીસ મથકને સ્માર્ટ પોલીસમાં મથકનો દરજ્જો આપવામાં આવ્યો છે જ્યારે ચીખલી માં જ ડીવાયએસપી બી ડિવિઝન કચેરી પણ કાર્યરત રહી છે ત્યારે કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે સંભાળવામાં આવી રહ્યો છે જોકે બીજા પોલીસ સ્ટેશનનો ની સરખામણીએ ચીખલી પોલીસ મથક હેવી પોલીસ મથક તરીકે પણ ગણી શકાય છે ત્યારે ચીખલી તાલુકામાં સમાવિષ્ટ ૧૫ જેટલા ગામો હતા જેનો વહીવટ ખેરગામ પોલીસ મથક દ્વારા કરવામાં આવી રહ્યો હતો પરંતુ વહીવટી સરળતા યોગ્ય રીતે થઈ શકે તે માટે તંત્ર દ્વારા ફરીથી ૧૫ જેટલા ગામોને ખેરગામ પોલીસ સ્ટેશનમાંથી બાદ કરી ચીખલી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે જે તારીખ ૧. ૩. ૨૬ ના રોજથી અમલમાં મૂકવામાં આવ્યું છે ત્યારે હવે ખેરગામ પોલીસ મથકમાં માત્ર ૨૨ જેટલા ગામોનો વહીવટ રહ્યો છે જ્યારે ચીખલી પોલીસ મથકમાં ૭૦ જેટલા ગામો નો સમાવેશ થયો છે ત્યારે ચીખલી પોલીસ મથક હવે વધુ ધમધમતું બની રહેશે જોકે ખેરગામ તાલુકામાંથી છૂટા પડી ચીખલી પોલીસ મથકમાં સમાવિષ્ટ કરેલ છે.

## વલસાડ સહિત જીલ્લામાં ચંદ્ર ગ્રહણના પગલે કરફ્યુ જેવો માહોલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, પારડી તા. ૦૩ :** આજરોજ ચંદ્રગ્રહણને પગલે વલસાડ, વાપી, પારડી નગરો સહિત જીલ્લાના અનેક જગ્યાએ મંદિરોના દરવાજા બંધ રખાયા હતાં. અને વિવિધ રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા તો બીજી તરફ શહેરના કેટલાક મંદિરો દુકાનો ગ્રહણના સમયે બંધ રહ્યા હતા. કન્સ્ટ્રક્શન લાઈનના બાંધકામો સદંતર બંધ રહ્યા હતા. ગ્રહણ પૂરું થયા બાદ મોડી સાંજે મંદિરોમાં મૂર્તિઓને જળાભિષેકથી શુદ્ધ કરી આરતી કરવામાં આવી હતી તો ગ્રહણ પૂરું થયા બાદ લોકોએ રસોઈ બનાવી જમણ ગ્રહણ કર્યું હતું. ધાર્મિક માન્યતાઓ અને સૂતક કાળને કારણે વહેલી સવારથી જ શહેરના વાતાવરણમાં તેની વ્યાપક અસર વર્તાઈ રહી હતી.વલસાડના સુપ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિર, સાઈબાબા મંદિર અને અન્ય નાના-મોટા તમામ મંદિરોના દ્વાર ભક્તો માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. મંદિરોમાં ભગવાનને પડદે રાખવામાં આવ્યા હતા અને આરતી તેમજ અન્ય ધાર્મિક વિધિઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે ધમધમતા રહેતા વલસાડના બજારોમાં પણ આજે ગ્રહણનો ઓછાયો જોવા મળ્યો હતો. શહેરની કેટલીક મુખ્ય દુકાનો અને વેપારીઓએ ગ્રહણના સમય દરમિયાન કામકાજ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો.

શહેરમાં ચાલી રહેલા કેટલાક મોટા બાંધકામના કામો પણ આજે અટકાવી દેવામાં આવ્યા હતા, જેના કારણે મજૂરો અને એન્જિનિયરોની ચહેલપહેલ જોવા મળી ન હતી.

બપોરના સમયે વલસાડના સ્ટેશન રોડ, આઝાદ ચોક અને તિથલ રોડ જેવા વ્યસ્ત વિસ્તારોમાં વાહનોની અવરજવર નહિવત જોવા મળી હતી. લોકોએ ગ્રહણ દરમિયાન ઘરમાં રહેવાનું પસંદ કરતા રસ્તાઓ સુમસામ ભાસતા હતા. જાણે શહેરમાં અઘોષિત સંચારબંધી હોય તેવો નજારો જોવા મળ્યો હતો.ગ્રહણ દરમિયાન ખોરાક ન લેવો અને પૂજા-પાઠમાં મગ્ન રહેવું એવી પરંપરાને કારણે મોટાભાગના લોકોએ હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં જવાનું ટાળ્યું હતું, પરિણામે ખાણીપીણીના બજારોમાં પણ ભારે સુસ્તી જોવા મળી હતી. સાંજે ચંદ્રગ્રહણનો સમય સમાપ્ત થયા બાદ શહેરના મંદિરોમાં રહેલી મૂર્તિનું જળાભિષેક કરાયા બાદ સંધ્યા આરતી કરવામાં આવી હતી. વલસાડ નજીક પારડી સહિત તાલુકાના ગામડાઓમાં આવેલા હિન્દુ ધાર્મિક મંદિરો આજે મંગળવારના રોજ ચંદ્રગ્રહણ હોવાના કારણે બંધ રહ્યા હતાં. પારડીમાં આવેલા પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર એકલિંગી મહાદેવ મંદિર સહિતના મંદિરો બંધ રહ્યા હતાં. દિવસ દરમિયાન લોકો પૂજાપાઠથી દૂર રહ્યા હતાં.

### જે-ટાઈપના આરઓબી અને જૂના રેલ્વે ફાટક પાસેના અન્ડરપાસની કામગીરીનું નિરીક્ષણ કર્યુ

## વાપીના પ્રગતિ હેઠળના વિકાસકાર્યો ચોમાસા પહેલાં પૂર્ણ કરવા કનુભાઈની તાકીદ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપીમાં નવા બની રહેલા રેલ્વે ઓવરબ્રિજ તેમજ અંડરપાસની કામગીરીનું આજે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા સ્થળ તપાસ કરી આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે અધિકારીઓને સૂચનો કરવામાં આવ્યા હતા સાથે તેઓએ જે ટાઈપ ખાતેનો રેલવે ઓવરબ્રિજ અને જુના રેલ્વે ફાટક પાસેનો અંડર પાસ ચોમાસુ શરૂ થાય તે પહેલા કામગીરી પૂર્ણ કરવા એજન્સીઓને પણ સૂચનો કરાયા છે વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતો જુના રેલ્વે ફાટક પાસેનો રૂા. ૧૪૪ કરોડના ખર્ચે બની રહેલો રેલવે ઓવરબ્રિજ તેમજ જે ટાઈપ ખાતે રૂા. ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવો બનાવવામાં આવી રહેલો રેલવે ઓવરબ્રિજ તથા અંડરપાસની કામગીરી ખૂબ જ ધીમી ગતિએ ચાલતી હતી જેને લઇ સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતાં. જેને ધ્યાને લઈ આજે પારડી વિધાનસભાના ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા આજે વાપી ખાતે ઝંડા ચોક અંડરપાસની દમણ સેલવાસ રોડ ઉપર એસી નંબરની જૂની રેલવે ફાટક ખાતે બની રહેલ રેલ્વે ઓવર બ્રિજની તેમજ વાપી જીઆઈડીસી જે ટાઈપ પાસે બની રહેલ રેલવે ઓવરબ્રિજના કામગીરીનુ નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને કામગીરી ઝડપી અને ચોમાસુ શરૂ થાય તે પહેલા પૂર્ણ કરવા માટેના સૂચનો કરવામાં આવ્યા હતાં. આ નિરીક્ષણ સ્થળે મંત્રી કનુભાઈ દેસાઈ ની સાથે વલસાડ જિલ્લા ભાજપ સંગઠનના ઉપપ્રમુખ અને વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી મહાનગરપાલિકાના કમિશ્નર યોગેશભાઈ ચૌધરી, તેમજ આર એન્ડ બીના એજ્યુકેટેડ એન્જિનિયર તેમજ વાપી મહાનગરપાલિકાના ઈન્ચાર્જ અધિકારી જતીનભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

**દમણગંગા ટાઇમ્સ**

આજે ધૂળેટી નિમિત્તે દમણગંગા ટાઈમ્સ કાર્યાલય તા. ૦૪-૦૩-૨૦૨૬ને બુધવારે રજા પાળશે. જેથી તા. ૦૫-૦૩-૨૦૨૬ને ગુરુવારનો અંક પ્રકાશિત થશે નહીં. અને તા. ૦૬-૦૩-૨૦૨૬ ને શુક્રવારથી રાબેતા મુજબ અંક ચાલુ રહેશે. જેની સર્વે વાંચકો, ફેરીયાબંધુઓ અને વિજ્ઞાપન દાતાઓને નોંધ લેવી.

- વ્યવસ્થાપક

ફ્લેટ વેચવાનો છે
વાપી જીઆઈડીસીના ગુંજનમાં આવેલ
સિમીત કો.હા. સોસાયટીમાં ટોપ ફલોરનો
2 BHK ટેરેસ ફ્લેટ વેચવાનો છે
મો. 9978850067

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

VIMAL POWERS
V-GUARD
શહેર હોય કે ગામ, ઠંડક પહોંચાડવાનું
V- GUARD નુ કામ
ડિસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

# સ્થાનિક સમાચારો

Wednesday 04, March 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પાલિકાના લાઈટ ચેરમેનની ઘોર બેદરકારી અને ઈચ્છાશક્તિનો અભાવ!

## બીલીમોરા રેલવે ઓવરબ્રિજ મહિનાઓથી અંધારામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૩ :** બીલીમોરા શહેરની શાન ગણાતો અને પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારને જોડતો અતિ મહત્વનો રેલવે ઓવરબ્રિજ છેલ્લા ઘણા મહિનાઓથી અંધકારના આઘોશમાં છે. એક સમયે રોશનીથી ઝગમગતો આ બ્રિજ આજે જાણે નિરાધાર જેવી સ્થિતિમાં આવી પડ્યો છે, જે તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કરી રહ્યો છે. ગત વર્ષે દિવાળી જેવા પવિત્ર તહેવાર પર પણ બ્રિજ પરના હાઈમસ્ત પોલ શરૂ કરવામાં આવ્યા ન હતાં. તહેવારોના સમયે પણ તંત્રની આવી ઉદાસીનતાથી નાગરિકોમાં રોષ વ્યાપ્યો છે. બ્રિજ પર લગાવેલા અનેક લાઈટના થાંભલાઓ હાલ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે.આ સમસ્યા કાંઈ આજકાલની નથી. ચોમાસાની શરૂઆતથી જ બ્રિજ પરની લાઈટો બંધ છે. સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે છેલ્લા ૬ થી ૮ મહિના કરતાં પણ વધુ સમયથી બ્રિજ પરના બે મુખ્ય હાઈમસ્ત પોલ સદંતર બંધ હાલતમાં છે. આ મહત્વનું જોડાણ ઝાંખું થતા અકસ્માતનો ભય પણ વધી ગયો છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક નાગરિક દ્વારા નગરપાલિકાના લાઈટ ચેરમેન અંકિત ટંડેલને અનેકવાર મૌખિક રજૂઆતો અને ફરિયાદો કરવામાં આવી છે. તેમ છતાં, પરિણામ શૂન્ય આવ્યું છે.



આરોપ છે કે લાઈટ ચેરમેન અને સંબંધિત વિભાગો જવાબદારી સ્વીકારવાને બદલે એકબીજા પર ખો આપી રહ્યા છે અને કામગીરીથી દૂર ભાગી રહ્યા છે. પ્રજાના પ્રશ્નો ઉકેલવાને બદલે તંત્ર યેનકેન પ્રકારે જવાબદારીમાંથી છટકવાની કોશિશ કરતું હોય તેવું જણાઈ રહ્યું છે. જો પાલિકા પાસે જરૂરી માલસામાન કે સ્ટોક ઉપલબ્ધ ન હોય, તો તે જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરી તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવાની ફરજ લાઈટ ચેરમેનની હોય છે.

પરંતુ અહીં તો કોઈ પણ પગલાં લેવામાં આવતા નથી, જે પાલિકાના લાઈટ ચેરમેન અંકિત ટંડેલની ઘોર બેદરકારી અને ઈચ્છાશક્તિનો અભાવ દર્શાવે છે.

ચીફ ઓફિસર અને અન્ય જવાબદાર હોદ્દેદારો લાઈટ ચેરમેન સાથે મળીને આ મુશ્કેલીમાંથી નાગરિકોને ક્યારે રાહત અપાવશે. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પદાધિકારીઓ ક્યારે અંધારામાંથી જાગૃત થઈને બ્રિજ પર ફરીથી ઝગમગાટ પાછો લાવે છે.

## દેવસર શ્રી નવનાથ ધામમાં હોલિકા દહન પર્વની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૩ :** બીલીમોરાના દેવસર સ્થિત શ્રી નવનાથ ધામ ખાતે હોળીના પવિત્ર પર્વની ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય શ્રી છોટે દાદાના દિવ્ય સાનિધ્યમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો થયો હતો. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતાં. આ અવસરે ભક્તોએ હોલિકા દહનની પરિક્રમા સાથે પૂજ્ય દાદાના દર્શન અને આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. હોલિકા દહન બાદ ઉપસ્થિત તમામ ભક્તોએ શ્રદ્ધાપૂર્વક મહાપ્રસાદનો લાભ લીધો હતો.જય હોલીકા માતા અને જય જય મત્સ્યેન્દ્ર સમર્થ ના જયઘોષથી સમગ્ર પરિસર ભક્તિમય બન્યું હતું.

## બીલીમોરાના રાવલ નગરમાં સતત ત્રીજા વર્ષે વૈદિક હોળીની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** બીલીમોરાના કોન્વેન્ટ રોડ પર આવેલી રાવલનગર સોસાયટી દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી પર્યાવરણ સંરક્ષણના ઉમદા હેતુ સાથે વૈદિક હોળીનું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવે છે. જેમાં લાકડાને બદલે ગાયના ૧૦૦૦ નંગ છાણા, ૩૦૦ કિલો ગોબર સ્ટીક, શુદ્ધ ઘી અને વિવિધ ઔષધિઓનો ઉપયોગ કરી વાતાવરણને શુદ્ધ કરવાનો પ્રયાસ કરાય છે. હરિયાલી ગ્રુપ ટ્રસ્ટ અને નગરપાલિકાના સહયોગથી યોજાયેલા કાર્યક્રમ બાદ હોળીના બીજા દિવસે તેની પવિત્ર રાખને ચાળીને સોસાયટીના છોડવામાં ખાતર તરીકે તેમજ નગરજનોને અનાજ સાચવવા કે દંતમંજનમાં ઉપયોગ કરવા માટે નિ:શુલ્ક આપવામાં આવે છે. સોસાયટીના પ્રમુખ, મંત્રી અને સભ્યોની જહેમતથી અહીં ગણેશ ઉત્સવ પણ ઈકો ફ્રેન્ડલી રીતે જ ઉજવાય છે. આ પ્રસંગે પર્યાવરણ પ્રેમી સાયલાલભાઈ તરફથી હોળીના દર્શનાર્થે આવતા લોકોને પક્ષીઓ માટે ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ કરી જીવદયાનો સંદેશ ફેલાવવામાં આવ્યો હતો.

## ખેરગામમાં એચપીવી રસીકરણ ઝુંબેશનો બહેજ આરોગ્ય કેન્દ્રથી પ્રારંભ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૩ :** ભારતની ભાવિ પેઢીના સ્વાસ્થ્યને સુરક્ષિત કરવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા એક ક્રાંતિકારી રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ૧૪થી ૧૫ વર્ષની વયની કિશોરીઓને સર્વાઈકલ કેન્સરથી બચાવવા માટે સમગ્ર દેશમાં વિનામૂલ્યે રસી આપવાનો રાષ્ટ્રવ્યાપી ઝુંબેશનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ રાષ્ટ્રીય અભિયાન હેઠળ ગુજરાતમાં પણ રસીકરણનો ખેરગામ તાલુકાના બહેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી મંગળ પ્રારંભ શુક્રવાર તા.૨૮/૨ થી થયો છે.

ગુજરાત રાજ્યની આશરે ૫.૫ લાખ કિશોરીઓને આ રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે. આ રસીકરણ ઝુંબેશ શાળાઓ અને



સરકારી આરોગ્ય કેન્દ્રો પર ચલાવવામાં આવશે જેનો મુખ્ય ઉદ્દેશ ગંભીર બીમારીઓ સામે પૂર્વ-તૈયારી કરી આરોગ્યપ્રદ સમાજનું નિર્માણ કરવું અને મહિલા સશક્તિકરણને વેગ આપવો. એચપીવી-પેપ્પીલોમા વાઈરસ રસીકરણ ઝુંબેશ ભારતમાં મહિલાઓમાં થતાં કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમનું સૌથી વધુ જોવા મળતું કેન્સર છે. જેના લાંબા સમય સુધી રક્ષણ માટે કિશોરીઓને રસીનો એક જ ડોઝ પુરતો છે. એચપીવી રસીકરણ અભિયાન ની શરૂઆત ખેરગામ તા.માં પ્રા.આ. કેન્દ્ર બહેજ ખાતે દિપ પ્રાગટ્ય-તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ પટેલ, ખેરગામના માજી સરપંચપતિ ધર્મેશ-ધર્મિષ્ઠા ભરુચાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. પ્રજ્ઞેશ દેસાઈ અને મેડિકલ ઓફિસર ડો.નિધી પટેલ દ્વારા આજના કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી અને ગર્ભાશય પ્રમુખના કેન્સર સામે રક્ષણ અપાવવા તાલુકાની ૧૪ થી ૧૫ વર્ષ ની તમામ કિશોરીઓને (૧૪ મો જન્મદિવસ ઉજવ્યો હોય પરંતુ ૧૫ મો જન્મદિન ઉજવ્યો નથી) આ વેક્સિન અપાવી તમામ વાલીઓને સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

## વાપીની આર. કે. દેસાઈ સ્કૂલ તથા કે. આર. દેસાઈ પી.ટી.સી કોલેજ દ્વારા જાગૃતિ સેમીનાર યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** ટીબી મુક્ત ભારત આર.કે. દેસાઈ સ્કૂલ તથા કે. આર. દેસાઈ પીટીસી કોલેજ વાપી, દ્વારા ક્ષય રોગ (ટી.બી) અંગે જન - જાગૃતિ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ક્ષય રોગ વિશે જનજાગૃતિ ફેલાવવાનો, તેના લક્ષણો, કારણો, એનું નિવારણ અને યોગ્ય સારવાર અંગે માહિતી પ્રદાન કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી. આ સેમીનારના મુખ્ય વક્તા ડોક્ટર ચિંતન પટેલ (પલ્મોનોલોજીસ્ટ) તથા ડોક્ટર મીનાક્ષી શેઠ રહ્યા હતાં. એમાં ડોક્ટર મિનાક્ષી શેઠ મેડમે સ્કૂલ તથા પીટીસી કોલેજના વિદ્યાર્થીઓને આયુર્વેદિક સારવાર અંગે માહિતી આપી હતી. ત્યારબાદ ડોક્ટર ચિંતન પટેલ સર પ્રોજેક્ટ જીરો વિશે માહિતી આપી અને ટીબી મુક્ત ભારત બનાવવા માટે સૌના સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ સેમીનારમાં ક્ષય રોગ અંગે પોસ્ટર બનાવવાની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં સર્જનાત્મકતાના આધારે પ્રથમ ક્રમે ધોરણ ૯ ની વિદ્યાર્થીની રિદ્ધિ પ્રજાપત તથા દ્વિતીય ક્રમે ધોરણ ૧૧ ની વિદ્યાર્થીની સોનાલી ધવલ રહી હતી અને વિષયવસ્તુના આધારે પ્રથમ ક્રમ ધોરણ ૯ના વિદ્યાર્થી કિશન દુબે. અને દ્વિતીય ક્રમે શ્રદ્ધા ત્રિપાઠીએ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સેમીનારના અંતે શાળાના શિક્ષિકા શ્રીમતી નિયતિબેન પટેલ દ્વારા આભાર વિધિ કરી સમાપન કરવામાં આવ્યું અને ટીબી મુક્ત ભારત માટે સૌએ સાથે મળી સંકલ્પ પણ કર્યો હતો. આ સેમિનારના સુચારુ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર મિત્તલ શાહ, પી.ટી.સી કોલેજના પ્રિન્સિપલ સરોજબેન તથા સ્કૂલના હેડ શુભમ રાય દ્વારા શિક્ષકો તથા બાળકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## બીલીમોરાના રસ્તાઓ રૂા. ૨.૧૯ કરોડના ખર્ચે દુધિયા રોશનીથી ઝગમગ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** શહેરની સુંદરતામાં અભિવૃદ્ધિ અને નાગરિકોની સુવિધા તેમજ સુરક્ષાને પ્રાધાન્ય આપતા બીલીમોરા નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા સ્ટ્રીટ લાઈટના કરોડોના વિકાસકામોનું રવિવારે મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ શહેરના મુખ્ય માર્ગો આધુનિક અને ડેકોરેટિવ લાઈટોથી ઝગમગી ઉઠ્યા હતાં.

બીલીમોરા નગરપાલિકા દ્વારા શહેરના આધુનિકીકરણ માટે કુલ ૨.૧૯ કરોડના ખર્ચે સ્ટ્રીટ લાઈટની નવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જે અંતર્ગત દેસરા જનતા ઘર રોડ વિસ્તારમાં આધુનિક સ્ટ્રીટ લાઈટની સુવિધા શરૂ કરાઈ છે. આ ઉપરાંત શહેરના હાર્દ સમાન, સ્ટેશન રોડ,એમ જી રોડથી જીવન જ્યોત એપાર્ટમેન્ટ સુધી અને શિવાજી પ્રતિમાથી બંદર રોડ સુધી આકર્ષક ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ સાથેના પોલ ઉભા કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટથી માત્ર શહેરની રોનક જ નથી વધી, પરંતુ રાત્રિના સમયે વાહનચાલકો અને રાહદારીઓ માટે સુરક્ષામાં પણ વધારો થયો છે. મંત્રી નરેશ પટેલે પાલિકાની આ કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે,આ સુવિધાથી બીલીમોરાના વિકાસને નવો વેગ મળશે. લોકાર્પણ પ્રસંગે બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર, લાઈટ વિભાગ ચેરમેન અંકિત ટંડેલ, માજી ભાજપ શહેર પ્રમુખ અને બક્ષી પંચ મોરચાના પ્રમુખ વિજય પટેલ સહિતના ભાજપના અગ્રણીઓ, નગરસેવકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. શહેરના મુખ્ય વિસ્તારોમાં નવી રોશની જોઈને લોકોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

## દગડપાડાની 'સુંદર' મિશન મંગલમ સખી મંડળની બહેનો ખાદ્યવસ્તુઓ બનાવી સ્વરોજગારી ઉભી કરી




**આહવા, તા. ૦૩ :** સશક્ત મહિલા થકી સશક્ત પરિવાર અને સશક્ત સમાજનું નિર્માણ શક્ય બને છે આ વિચારને સાકાર કરતી અનેક કહાનીઓ આજે ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાંથી સામે આવી રહી છે. રાજ્ય સરકારની મહિલા સશક્તિકરણ માટેની મિશન મંગલમ યોજના ગ્રામ્ય બહેનો માટે આવક અને આત્મવિશ્વાસનું મજબૂત આધાર બની છે. ડાંગ જિલ્લાના દગડપાડા ગામની સુંદર મિશન મંગલમ સખી મંડળ તેની જીવંત સાબિતી છે. વર્ષ ૨૦૧૯માં માત્ર ૧૦ બહેનો સાથે શરૂ થયેલા આ સખી મંડળે નાની બચત અને પરંપરાગત આવડતને વ્યવસાયમાં ફેરવી છે.

મંડળની બહેનો લાલકડા ચોખા, નાગલી અને નાગલીનો લોટ, અરદની દાળ, નાગલીના પાપડ, બિસ્કિટ, અરદની દાળનો લોટ, લીલા મરચાં, વાસનું અઠાણું તેમજ આયુર્વેદિક રીતે તૈયાર કરેલી ડાંગી ચટણી જેવી વસ્તુઓ બનાવે છે. સાથે સાથે વાંસના ઘરેણાં બનાવીને પણ વેચાણ કરે છે. મિશન મંગલમ યોજના અંતર્ગત સુંદર સખી મંડળને રૂ.૩૦ હજારનું રિવોલ્વિંગ ફંડ મળ્યું, જેના આધારે બહેનોને કાચો માલ, પેકિંગ અને ઉત્પાદન વધારવામાં સહાય મળી. આ સહાયથી બહેનો ઘરકામની સીમા ઓળંગી બજાર સુધી પહોંચી શકી છે.

મંડળની સક્રિય સભ્ય રસિલાબેન મનોજભાઈ વળવી જણાવે છે કે, અગાઉ ઘરકામ પૂરતી જ સીમિત હતી. આજે સખી મંડળના માધ્યમથી અમે પરંપરાગત ખાદ્યવસ્તુઓ બનાવી વેચાણ કરીએ છીએ અને મહિને સરેરાશ રૂા.૧૫ હજાર જેટલી આવક મેળવીએ છીએ.

હાલમાં ડાંગ દરબાર ખાતે લગાવવામાં આવેલા સ્ટોલ મારફતે સુંદર સખી મંડળની બહેનો પોતાના હાથથી બનાવેલી ખાદ્યવસ્તુઓ અને વાંસના ઘરેણાંનું સફળ વેચાણ કરી રહી છે. સ્થાનિક સ્વાદ અને આયુર્વેદિક ગુણવત્તાને કારણે મુલાકાતીઓ તરફથી ઉત્પાદનોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

## આહવા પોલીસ દ્વારા ડાંગ દરબારના મેળામાં પેમ્પ્લેટ તથા બેગનું વિતરણ કરાયું



**આહવા, તા. ૦૩ :** ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ આહવા સાઈબર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર મહેશભાઇ જી. ઢોઢીયા અને તેઓની ટીમ દ્વારા ડાંગ દરબાર- ૨૦૨૬ ના મેળામાં લોકોને સાઈબર ક્રાઈમ વિશે જાગૃત કરી માહિતીપ્રદ પેમ્પ્લેટનું તથા બેગનું વિતરણ વિતરણ કર્યું હતું.

ડાંગ દરબારનો મેળો માણવા આવતાં લોકોને પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમના વિવિધ પ્રકારો જેમાં ફિસીંગ, ઓનલાઇન ફ્રોડ અને સ્કેમ કોલ, ડેટા પ્રાઈવસી, સોસિયલ મિડીયા તથા મોબાઈલ સેફટી, ડિજીટલ પેમેન્ટ અને ઓનલાઇન બેંકીગ સેફટી તેમજ સાઈબર ક્રાઈમ રીપોર્ટીંગની પ્રક્રિયા (૧૯૩૦ Helpline / Portal) અંગે વિસ્તૃત માહિતી આપી લોકોને સચેત રહેવા જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ટેકનોલોજીનો ઉપયોગ હાલમાં બહોળા પ્રમાણમાં વધી રહ્યો છે. જેમ જેમ સ્માર્ટ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ સંશાધનો તથા સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે તેમ તેમ સાયબર ક્રાઈમમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ પ્રકારના સાયબર ક્રાઈમને લગતા ગુન્હાઓને નાથવા માટે ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ખાસ હેતુથી રચના કરી છે. કોઇ પણ નાગરિક સાથે થયેલ નાણાકીય કે પછી અન્ય કોઇ પણ પ્રકારની છેતરપીંડીને પહોંચી વળવા માટે પાંચ અલગ અલગ યુનીટ કાર્યરત કરવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે જો તમે કોઇ પણ પ્રકારના સાયબર ક્રાઈમનો ભોગ બનો તો ત્વરિત ડાયલ કરો ૧૦૦ જેમાં ગુજરાત પોલીસ દ્વારા થયેલ છેતરપીંડીનો ઉકેલ લાવવાનો શક્ય તેટલો પ્રયત્ન કરવામાં આવશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૪-૦૨-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ફાગણ, એકમ **સૂર્યોદય :** ૦૭ : ૦૨ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૦, **ચંદ્રોદય** - ૦૭:૩૯ **ચંદ્રાસ્ત** - ૦૭:૫૨ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પૂર્વા ફાલ્ગુની

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.

**સિંહ(મ.ટ.) :** એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ.

**તુલા (ર.ત.) :** જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.

**મકર(જ.ખ) :** આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારીને ખર્ચ કરોનહીંતરધન હાનિ થયી શકે છે.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | | | 6 | | |
| | 2 | | 7 | | 6 | | 4 | |
| | 7 | 3 | 5 | | 2 | 8 | 9 | |
| | 1 | | | 6 | | | 7 | |
| | | | 4 | | 9 | | | |
| | 5 | | | 1 | | | 3 | |
| | 8 | 1 | 9 | | 3 | 7 | 6 | |
| | 3 | | 2 | | 4 | | 1 | |
| | | 5 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૪ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 8 | 1 | 6 | 4 | 9 | 3 | 7 |
| 9 | 1 | 6 | 7 | 5 | 3 | 8 | 2 | 4 |
| 4 | 7 | 3 | 2 | 8 | 9 | 1 | 5 | 6 |
| 7 | 3 | 9 | 6 | 1 | 8 | 5 | 4 | 2 |
| 5 | 2 | 1 | 9 | 4 | 7 | 3 | 6 | 8 |
| 8 | 6 | 4 | 3 | 2 | 5 | 7 | 9 | 1 |
| 1 | 9 | 5 | 4 | 7 | 2 | 6 | 8 | 3 |
| 3 | 4 | 7 | 8 | 9 | 6 | 2 | 1 | 5 |
| 6 | 8 | 2 | 5 | 3 | 1 | 4 | 7 | 9 |

# સેલવાસ પંથકમાં આસ્થા અને ઉમંગ સાથે હોલિકા દહન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૩ :** દાદરા નગર હવેલીના વિવિધ વિસ્તારોમાં હોળી પર્વ નિમિત્તે પરંપરાગત વિધિ મુજબ હોલિકા દહન કરવામાં આવ્યું. ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હોલિકા માતાની પૂજા-અર્ચના કરી સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

સિલવાસાના સરસ્વતી ચોક નજીક તેમજ કાપડી સમાજ દ્વારા સાઈ મંદિર પાસે હોલિકા દહન યોજાયું. આ ઉપરાંત આમલી, કિલવણી નાકા, ભસ્તા ફળિયા, બહુમાળી, રાધાકૃષ્ણ સોસાયટી ટોકરખાડા સહિત વિસ્તારોમાં પણ શ્રદ્ધાભાવે વિધિઓ સંપન્ન થઈ.

નરોલી ગામે ભવાણી મંદિર પાસે તેમજ દાદરાના વિવિધ વિસ્તારોમાં લોકોએ હોલિકાની પરિક્રમા કરી ધાણી, ઘઉંના મોર અને કાચા કેરીના મોરવા અર્પણ કર્યા. મહિલાઓ અને યુવાનોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો.

હોલિકા દહન બુરાઈ ઉપર સદાચારની જીતનું પ્રતિક માનવામાં આવે છે. આ અવસરે સમાજમાં એકતા અને સૌહાર્દનો સંદેશ પ્રસર્યો. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયો.

# વલસાડમાં બોડી બિલ્ડિંગ સ્પર્ધા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વિહાન ફિટનેસના ઓનર વિશાલ પાંડે દ્વારા બોડી બિલ્ડીંગ કોમ્પિટિશનનુ આયોજન વલસાડના કૈલાસ રોડ પર આવેલ ઝુલેલાલ મંદિરના ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું.

વિહાન ફિટનેસના ઓનર વિશાલ પાંડે દ્વારા બોડી બિલ્ડીંગ કોમ્પિટિશનનુ આયોજન વલસાડના કૈલાશ રોડ પર આવેલ ઝુલેલાલ મંદિરના ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું.

જેમાં જુનિયર / સિનિયર બોડી બિલ્ડીંગ મેન ફિઝિક્સ અને ક્લાસિક ફીજીક્સની કેટેગરી રાખવામાં આવેલ હતી. તેમજ માસ્ટર્સ અને વુમન બોડી બિલ્ડીંગ પણ રાખવામાં આવેલ હતું. જેમાં વલસાડ, પારડી, વાપી, સેલવાસ અને ઉમરગામથી ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે વિશાલ પાંડે મહેનત કરી હતી જે વલસાડ માટે ગર્વની વાત છે. સ્પર્ધામાં મેન ફિઝિક્સમાં રાહુલ પટેલ બોડી બિલ્ડિંગમાં ચિરાગ દેસાઈ અને ક્લાસિક ફિઝિક્સમાં શ્રીકાંત યાદવ ચેમ્પિયન ઓફ ધ ચેમ્પિયન બન્યા હતાં.

# વલસાડના કોઠારી ઉપાશ્રયમાં જૈનાચાર્ય પ. પદ્મદર્શનસૂરિજી મહારાજની ધર્મશાળા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** મોટાબજાર સ્થિત કોઠારી ઉપાશ્રયે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ફાગણ ચોમાસી પર્વ નિમિત્તે ધર્મસભાનું આયોજન થયું હતું.

આ પાવનપ્રસંગે પૂ. આચાર્ય-વર પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મપ્રેમી શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, હિન્દુ રાષ્ટ્રમાં પર્વો અને ઉત્સવોની હારમાળા ચાલે છે.મનની ગાંઠોને ભેદી નાંખે તે પર્વ છે, ઉત્સાહને વધારે તેને ઉત્સવ કહેવાય઼. જ્યાં આત્મલક્ષી સાધના અને આરાધના તે પર્વ છે અને તન, મનને સ્વસ્થ અને -સન્ન બનાવે તે ઉત્સવ છે. સત્કાર્યો કર્યા પછી જે આનંદ આવવો જોઈએ તે જોવા મળતો નથી. ધર્મ જાણે કે રૂટિન બની ગયો હોય તેવું લાગે છે. જ્યારે વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ જામ્યું છે ત્યારે -ભુને -ર્થના કરવી જોઈએ કે આ યુદ્ધ સત્વરે શાંત થાય. શસ્રોથી ક્યારે પણ શાંતિ થવાની નથી. મિસાઈલો કે ડ્રોન દ્વારા જે હાહાકાર થઈ રહ્યો છે તેના કારણે અશાંતિ, અરાજકતા અને અંધાધુંધી ફેલાશે.

# વાપીની આર.કે.દેસાઈ બી.સી.એ. વિભાગમાં ફેરવેલ પાર્ટી યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપી આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં બી. સી.એ.વિભાગમાં અભ્યાસ કરનાર જુનિયર વિદ્યાર્થીઓએ સિનીયર વિદ્યાર્થીઓને ફેરવેલપાર્ટી આપી હતી. જેમાં સાયન્સ સ્ટ્રીમના પ્રિન્સિપલ ડૉ. શુરભી ચૌધરી મૅમ હાજર રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.જેમાં નાટક, ડાન્સ, ગીતોની કૃતિઓ રજૂ કરી હતી. Student of the year તરીકે દુર્ગા ડિગ્વાની વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. મિત્તલ શાહએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થી અવસ્થાની જીવન શૈલી કેવી હોવી જોઇએ અને શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી કેવી રીતે બનાવી શકાય, કોમ્પ્યુટર ક્ષેત્રે આગળ કઈ રીતે વધી શકાય એના વિશે ખુબજ ઉત્સાહભેર સરળ ભાષા શૈલીની અંદર વિદ્યાર્થીઓને સમજૂતી આપી હતી. કાર્યક્રમના સંચાલન એફ .વાય.અને એસ.વાય.બી. સી.એ ના વિદ્યાર્થિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં સ્વાગત પ્રવચન પ્રો.ચારવી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન પ્રો. જ્યોત્સના ભુબનેશ અને પ્રો. સિદ્ધિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારોહના અંતે સૌ માટે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આ વ્યવસ્થા ટીયા થોમસ અને દૈનિશા નાયક દ્વારા કરવામાં આવી હતી.

તમામ વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક ભોજન ગ્રહણ કરી મિત્રતા અને સંસ્મરણોની મીઠી યાદો સાથે વિદાય લીધી હતી.આ કાર્યક્રમ ની આભારવિધિ બી. સી .એ. વિભાગના હેડ અધ્યાપિકા નેહા પટેલના દ્વારા કરવામાં આવી હતી. આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ અને કોલેજના સર્વ અધ્યાપકોઓએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

# વલસાડની શ્રી R.M.& V.M. દેસાઈ શાળાનું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** શ્રી આર.એમ. એન્ડ વી.એમ. દેસાઈ શાળા (અંગ્રેજી માધ્યમ) ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગુજરાત સરકાર દ્વારા મન્થલી સ્વચ્છ વર્ડ રેંનકીંગ માં પ્રથમ ક્રમ મળતા પ્રમુખ વિનોદચંદ્ર મગનલાલ દેસાઈ, સેક્રેટરી દોલતભાઈ દેસાઈ, એમ.ડી. અલ્પાબેન નાયક, પ્રિન્સીપાલ જિજ્ઞા તુષાર ભટ્ટ, કુ.



બિજલ પટેલ અને શાળા પરિવાર આનંદની લાગણી અનુભવીએ છે.

# સરીગામની અક્ષર એજયુકેશન અકેડમીના વિદ્યાર્થીઓએ હોસ્પિટલની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૩ :** સોસીયલ ડેવલોપમેન્ટ એસોસીયેશન દ્વારા સંચાલીત અક્ષર એજ્યુકેશનલ અકેડમી, સરીગામ દ્વારા લેવાયી હોસ્પિટલની વિઝીટ સોસીયલ ડેવલોપમેન્ટ એસોસીયેશન દ્વારા સંચાલીત અક્ષર એજ્યુકેશનલ અકેડમી, સરીગામ દ્વારા ચાલતી હોસ્પીટલ પેરામેડીકલના વિદ્યાર્થીઓમાં હોસ્પિટલની પ્રવૃતિઓથી વાકેફ થાય તેમજ વધારાનું જ્ઞાન પ્રાપ્ત થાય એવા હેતુથી બુધવાર તા. ૨૫/૦૨/ ૨૦૨૬ના રોજ સરીગામ સ્થીત રોટરી કલબ હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી.

હોસ્પિટલની મુલાકાત દરમ્યાન ડોકટર તેમજ ડોકટરની ટીમ દ્વારા સારો સહયોગ પ્રાપ્ત થયો હતો અને વિદ્યાર્થીને દરેક વિભાગની ઉંડાણ પુર્વક સમજ પુરી પાડવામાં આવી હતી. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં અભ્યાસ તથા પોતાની કારકીર્દી બનાવવામાં રુચી જાણવા મળેલ છે. મુલાકાતને સફળ બનાવવ માટે અધ્યાપીકા વર્ષાબેનનો સારો સહકાર રહ્યો હતો અંતે સંસ્થાના આચાર્ય વિપુલ જી. ભંડારી દ્વારા હોસ્પિટલની મુલાકાત આપવા બદલ ડોકટરની ટીમ તેમજ સ્ટાફનો રદય પુર્વક આભાર માન્યો હતો.

# વલસાડ એમ એસ પી સંઘ શાખા દ્વારા 'મહિલા સન્માન' સમારોહ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ વલસાડ શાખા દ્વારા આગામી ૦૮/૦૩/૨૦ ૨૬ ના રવિવારના રોજ મહિલા દિવસ નિમિત્તે મહિલા સન્માન -૨૦૨૬શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘની વલસાડ શાખા ૭૦ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. જેના ભાગ રૂપે શાખા તરફથી વિવિધ કાર્યક્રમોનું વર્ષ દરમ્યાન આયોજન કરી રહી છે. જેના ભાગ રૂપે શાખા વલસાડના મહિલાઓનું સન્માનના કાર્યક્રમ વલસાડના વશીયરમાં આવેલ શિક્ષણ ભવન સ્વ. ભગવાનદાસ માર્કર સભાગૃહ માં સવારે ૧૦:૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ ના સૌજન્ય ડૉ. સોનલબેન પ્રતાપસિંહ વહાણવાલા-ભદેલી મહિલાઓનું સન્માન કરવામાં આવશે. સ્વ.પ્રતાપસિંહ એન. વહાણવાલા અને ચંદ્રિકાબેન પી. વહાણવાલા-ભદેલી હાલ મુંબઇ તરફથી આપવામાં આવશે. કાર્યક્રમના પ્રમુખ સ્થાને ચંદ્રિકાબેન પ્રતાપસિંહ વહાણવાલા માજી ટ્રસ્ટી - શ્રી મા.શિ.-. સંઘ. દાનવીર, કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ડૉ. યોગિની જી. રોલેકર સ્ત્રી રોગ નિષ્ણાંત મદ (OBST/ GYNEC)યોગીની મેટરનિટી હોસ્પિટલ - વલસાડ ગુજરાત પ્રદેશ - ભાજપ મંત્રી સોનલબેન ટી. સોલંકી (જૈન) કાર્યક્રમના અતિથી વિશેષ ડૉ. અમીષાબેન નરોત્તમભાઈ કોન્ટ્રાક્ટર સ્ત્રી રોગ નિષ્ણાંત M.D. (OBST/GYNEC) અમ્મા હોસ્પિટલ - વાપી ઉપસ્થિત રહેશે. મહિલા દિવસ નિમિત્તે રાખવામાં આવેલા મહિલા સન્માન સમારોહ કાર્યક્રમમાં સમાજની બહેનો ભાઈઓ યુવાનો વડીલો બાળકોને ઉપસ્થિત રહેવા શાખાના પ્રમુખ ધીરજ હળધર માનદ મંત્રી જયેશ ડાંગ હોદેદારો - કારોબારી સભ્યો વલસાડ શાખા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મરોલી દાંડીમાં શ્રી વિનાયક મંદિરે હનુમાન ચાલીસા પાઠ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૩ :** ઉમરગામ તાલુકાના મરોલી દાંડી ગામ ખાતે શુક્રવારે રાત્રે આઠ વાગ્યે સંકટ મોચનશ્રી સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દ્વારા સત્સંગમાં સામૂહિક હનુમાન ચાલીસા પાઠ રાખવામાં આવ્યા હતાં. જેમાં વિશ્વ હિંદુ પરિષદના કેન્દ્રીયમંત્રી અને અખીલ ભારતીય સામાજિક સમરસતા પ્રમુખ દેવજીભાઈ રાવતજીની વિશેષ ઉપસ્થિતિ રહી, જેઓને પરિષદ તથા બજરંગદળના કાર્યકર્તાઓ સાથે સમાજના ભાઈ બહેનો દ્વારા કેસરી શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ મા.દેવજીભાઈ રાવત દ્વારા ધર્માંતરણ, લવજેહાદ અને ગૌરક્ષા પર માર્ગદર્શન મળ્યું. સાથે વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ જીલ્લા મંત્રી રાકેશભાઈ રાણાનું પરિષદ કાર્યો પર વિશેષ માર્ગદર્શન મળ્યું. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત વિભાગના વિશેષ પ્રમુખ પિયુષભાઈ શાહ, જિલ્લા મંત્રી રાકેશભાઈ રાણા, જિલ્લા ઉપાધ્યક્ષશ્રી અંકિતભાઈ શાહ, ઉમરગામ તાલુકા મંત્રી નૈલેશભાઈ દુગડ, બજરંગદળ સંયોજક રામભુવનજી સાથે તાલુકાના કાર્યકર્તાઓ તથા મરોલીદાંડી નવશક્તિ યુવક મંડળના વડીલો, ભાઈ બહેનો બાળકો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. તાલુકા મંત્રી નૈલેશભાઈ દુગડ દ્વારા પધારેલ અધિકારી સાથે કાર્યકર્તાઓ અને દાંડી ગામના નવશક્તિ યુવક મંડળનો ધન્યવાદ માની કાર્યક્ર્મ પુર્ણ કર્યા હતાં.

# દમણની સરકારી એન્જિનિયરીંગ કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૩ :** દમણમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને મેરા યુવા ભારત દ્વારા સંયુક્ત રીતે વિકસિત ભારત યુવા સંસદ વિષય પર એક વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દમણની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે યોજાયો હતો.



આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રમતગમત અને યુવા બાબતો વિભાગના સંયુક્ત સચિવ અરુણ ગુપ્તાએ દીપ પ્રગટાવીને કર્યું હતું. પોતાના સંબોધનમાં, તેમણે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા અને વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા કક્ષાની વિકાસિત ભારત યુવા સંસદ સ્પર્ધામાં ૬૦ થી વધુ યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ રાષ્ટ્રીય મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

જિલ્લા યુવા અધિકારી મનસાબેને માહિતી આપતાં જણાવ્યું હતું કે, સ્પર્ધામાં પસંદ થયેલા વિજેતા સ્પર્ધકોને આગામી સંઘ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક આપવામાં આવશે.

# ઉમરગામમાં ઝોન સ્તરીય મહિલા સંત સમાગમ સંપન્ન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૩ :** સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજના દિવ્ય માર્ગદર્શન તથા પાવન આશીર્વાદથી સંત નિરંકારી મિશનના નેજા હેઠળ સુરત ઝોન દ્વારા ઉમરગામ ખાતે રામ કૃષ્ણા ક્રિકેટ મેદાન, સોળસુંબામાં ભવ્ય ઝોન સ્તરીય મહિલા સંત સમાગમનું આયોજન અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ તથા આધ્યાત્મિક ગરિમા સાથે સંપન્ન થયું.

આ આધ્યાત્મિક સમાગમમાં સુરત ઝોનના સાત સેક્ટરોમાંથી આશરે ૫૦૦૦થી વધુ મહિલાઓએ ભાગ લઈને આત્મિક ઉન્નયનની પ્રેરણા પ્રાપ્ત કરી. વાતાવરણ ભક્તિ, સમર્પણ તથા આધ્યાત્મિક ચેતનાથી ભરપૂર રહ્યું. જામનગરથી પધારેલા નિરંકારી જ્ઞાન પ્રચારક બહેન જ્યોતિ કમલજી એ સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજનો સંદેશ સત્સંગ સમક્ષ રજૂ કરતાં કહ્યું કે મહિલા સશક્તિકરણ માત્ર સામાજિક કે આર્થિક ઉન્નતિ સુધી મર્યાદિત નથી, પરંતુ તેનું વાસ્તવિક સ્વરૂપ આત્મિક જાગૃતિ તથા અંતરમનની પવિત્રતામાં રહેલું છે.સમાગમ દરમિયાન ગીતો, ભજનો, કવિતાઓ તથા આધ્યાત્મિક વિચારો દ્વારા મિશનની માનવીય તથા સાર્વભૌમિક શિક્ષણોને સજીવ રૂપમાં રજૂ કરવામાં આવ્યા. કાર્યક્રમનો દરેક ક્ષણ ભક્તિ-ભાવ, આધ્યાત્મિક ઊર્જા તથા સકારાત્મક ચેતનાથી ઓતપ્રોત રહ્યો.

અંતમાં ઉમરગામના સંયોજક કિશોરભાઈ દેસાઈ જીએ જામનગરથી પધારેલા બહેન જ્યોતિ કમલજી નું સ્વાગત કર્યું તથા ઉપસ્થિત સમસ્ત સાધ-સંગત પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કર્યો.

# વાપીની રોફેલ કોલેજમાં સ્પોર્ટસ ડે ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની BBA, BCA, B.COM અને BA કોલેજ દ્વારા વિવિધ રમતોનું તારીખ ૨૫/ ૦૨/૨૦૨૬ થી ૨૭/૦૨/૨૦૨૬ દરમિયાન ૧૦૦ મીટર, ગોળા ફેક, ચક્ર ફેક, બરછી ફેક, બોલ પાસીંગ, રસ્સા-ખેચ, વોલીબોલ, ક્રિકેટ જેવી વિવિધ રમતોમાં કુલ ૮૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ડૉ. પ્રિયકાન્ત વેદ અને મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન ડૉ. કેદાર શુક્લા દ્વારા વિદ્યાર્થીઓમાં રમત ગમતમાં હારજીત હોય છે. પણ ખેલદીલીપૂર્વક સ્પર્ધામાં ભાગ લઈ રમવા મોટીવેશન સ્પીચ આપવામાં આવી હતી. તમામ કોલેજના અધ્યાપકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓનો સમગ્ર સ્પર્ધામાં સહયોગ રહ્યો હતો.

આ તમામ સ્પર્ધાના વિજેતા અને રનર-અપ વિદ્યાર્થીઓને રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ રોટેરિયન ભરત પટેલ તેમજ રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટી રાકેશ પતવારી અને યુનીવર્સીટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અને આચાર્ય ડૉ. પ્રિયકાન્ત વેદ, મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન ડૉ. કેદાર શુક્લા તેમજ શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. દિલીપ ઘોલપ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રોફી, સર્ટીફીકેટ તેમજ મેડલ આપીને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમની સતત સફળતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# પારડીમાં યોગ બોર્ડની બે દિવસીય યોગ શિબિરમાં ૩૦૦થી વધુ લોકો જોડાયા

(દમણગંગ ટાઈમ્સ)

**પારડી, તા. ૦૩ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત''ના સંકલ્પ સાથે વલસાડ જિલ્લાના પારડી તાલુકા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાનમાં બે દિવસીય તાલુકા કક્ષાની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ યોગને વિશ્વ ફલક પર આગવું સ્થાન અપાયું છે તેને અનુસરીને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના ''હર ઘર યોગ''ના સપનાને સાકાર કરવાના ઉમદા હેતુથી આ શિબિર યોજાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીના કુશળ માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિર પારડીમાં તા.૨૭ અને૨૮ ફેબ્રુ.ના રોજ યોજાઈ હતી. જેમાં ૩૦૦થી વધુ યોગ પ્રેમીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં નગરપાલિકાના કારોબારી ચેરમેન ચેતન ભંડારી, અખિલ હિન્દ મહિલા પ્રેસિડેન્ટ મીના કોઠારી,



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સંસ્થાના બી.કે પારુલ દીદી, આઈ.ટી.આઈ કોલેજ પ્રોફેસર સ્નેહલ નસિત, સિનિયર સિટીઝન સભ્ય પ્રકાશ શાહ, પારડી નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર, નગરપાલિકાના સફાઈ કર્મચારી સુપરવાઈઝર પંકજભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન કરાવવામાં આવ્યા હતા. આ સાથે યોગ શિક્ષક બનવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા કો ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવ, પારડી તાલુકાના યોગકોચ અને યોગ ટ્રેનરના સમન્વયથી આ શિબિર સફળ બની હતી. આ શિબિરના ફળ સ્વરૂપે આગામી માસમાં ૫૦થી વધુ લોકો યોગ ટ્રેનર તરીકે રજીસ્ટ્રેશન કરાવશે અને ૫૦થી વધુ સાધક યોગવર્ગમાં જોડાશે, ઉપરાંત નવા નિઃશુલ્ક વર્ગો ચાલુ થશે. આગામી દિવસોમાં પણ આ જ રીતે યોગ શિબિરનું શ્રુંખલાબંધ આયોજન કરવામાં આવશે. www.gsyb.in વેબસાઈટ પરથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટ્રેનરનું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરી શકાશે. વધુ માહિતી આ વેબસાઈટ પરથી મળી રહેશે એવું વલસાડ જિલ્લા કો-ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવે જણાવ્યું હતું.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## બેંક જવાબદાર બને એ જરુરી



હું સીનિયર સીટીજન છું. નાદુરસ્ત તબિયતના કારણે ધંધાને વાઈન્ડ અપ કરવાના પગલા સ્વરૂપે વાપીની એક બેંકમા ચાલતી કેશ ક્રેડિટ ફેસીલીટી બંધ કરવાની વિનંતી તા.૨૮/૧/૨૬ના કરી. બાકી બધા નાણાં પણ ચૂકવી દિધા. મારા મુકવામાં આવેલ મોરગેજના પેપર પરત કરવા માટે વિનંતી કરી પણ એક મહિનો થઈ ગયો તમના તરફથી જવાબ મલે છે કે તમારા મોરગેજ ફલેટના પેપર મલતા નથી. અમો વારંવાર બેંક માં જઈ આવ્યા પણ કહેવામાં આવે છે કે પેપર શોધીએ છીએ. હવે બેંકનું વ્યવસ્થાતંત્ર પોતાની જવાબદારી પ્રત્યે સજાગ ન હોય કે ન જણાય તો ગ્રાહકે કયાં જવું ? એના મૂળ દસ્તાવેજો કયાંથી અને કેવી રીતે મેળવવા ? આ અંગે પડી રહેલી અને આગામી વ્યવહારોમાં પડનારી મુશ્કેલી માટે જવાબદાર કોણ ?

**-નરેન્દ્ર દેઢિયા, વાપી**

## લેભાગુ સલાહકારોથી સાવધાન



વિવિધ ક્ષેત્રમાં નિપુણ નહીં હોવા છતાં પણ વણમાગી સલાહ આપનારાઓનો આપણે ત્યાં રાફડો ફાટ્યો છે. આપણે સલાહ નહીં માંગી હોવા છતાં પણ મફતમાં સલાહ આપવા માટે આવા સલાહકારો સદાને માટે તત્પર હોય છે. નાણાકીય રોકાણ કરવા માટે માટે ફાઈનાન્સિયલ ક્ષેત્રમાં નિષ્ણાંત નહીં હોવા છતાં પણ ક્યાં રોકાણ કરવું તેની મફતમાં સલાહ આપનારાઓ ની આપણે ત્યાં અછત નથી.

ટૂંક સમયમાં નાણા ડબલ કરી આપવાની વિવિધ સ્કીમ જણાવી રોકાણકારોને એઓ લલચાવે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી પણ એઓ મફતમાં સલાહ આપીને રોકાણકારોને રડાવે છે. કારકિર્દી બાબતે પણ લેભાગુ સલાહકારો પોતાની વિદ્વત્તા સાબિત કરવા નિષ્ફળ પ્રયત્ન કરે છે. આજકાલ લોકો શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ સભાન છે તેનો ફાયદો ઉઠાવવા માટે મફતિયા ફિટનેસ એક્સપર્ટ ચાલવાની, સાયકલિંગની, સ્વિમિંગની, યોગા વગેરે માટે તમારી ફિટનેસની ચિંતા કરીને વણમાગી સલાહ ફટકારે છે. મફતના સલાહકાર ડોક્ટર તો તમને ઠેર ઠેર જોવા મળે છે. એલોપેથીની આડઅસરથી બચવા જાણ્યા વગર આયુર્વેદિક દવા લેવા માટે આવા સલાહકારો દુરાગ્રહ પણ કરે છે. મફતિયા બની બેઠેલા ડોક્ટર્સ હોસ્પિટલમાં ખબર લેવા પહોંચે ત્યાં તો ડોક્ટરો બિનજરૂરી ટેસ્ટ કરાવે છે એવી જાણકારી પણ આપી દે છે. રિપોર્ટમાં સમજ નહિ પડે છતાં રિપોર્ટ જોઈને પોતાના તરફથી કોઈ ટ્રીટમેન્ટનું પણ સૂચન કરી દે છે. વર્તમાન સમયમાં લેભાગુ સલાહકારોથી સાવધાન રહેવાની ખૂબ જ જરૂર છે. કોઈપણ વ્યક્તિની સલાહને બ્લાઈન્ડ રીતે સ્વીકારવી જોઈએ નહીં. ઘણી વખત સામાન્ય માણસ મફતની સલાહથી આકર્ષિત થઈ જાય છે.

સલાહ આપનારની વિશ્વસનીયતા ચકાસીને જ આગળ વધુ સલાહભરેલું છે. લેભાગુ સલાહકાર પોતાના વ્યક્તિગત લાભ માટે પણ સલાહ આપતો હોય છે. મફતિયા એડવાઈઝર્સથી સાવધાન રહેવા માટે હું પણ તમને મફતની સલાહ આપું છું.

**-ડો. જે.એમ. નાયક, નવસારી**

## સ્વદેશી : એક સંકલ્પ



'સ્વદેશી' શબ્દનો પડઘો વર્ષોથી સંભળાતો આવ્યો છે. મહાત્મા ગાંધીએ જે ચરખા અને ખાદી દ્વારા સ્વદેશીની ચળવળ શરૂ કરી હતી, તે આજે ૨૧મી સદીમાં'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના નવા સ્વરૂપે આપણી સામે છે. આ માત્ર એક સૂત્ર નથી, પરંતુ ભારતને આર્થિક ગુલામીમાંથી મુક્ત કરાવી સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બનાવવાનો મહાયજ્ઞ છે.'હર ઘર સ્વદેશીઘર ઘર સ્વદેશી'એ માત્ર એક સૂત્ર નથી, પરંતુ ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મજબૂત સામાજિક અને આર્થિક ચળવળ છે. આ વિચારધારાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય બનાવટની ચીજવસ્તુઓનો ઉપયોગ વધારીને દેશના અર્થતંત્રને વેગ આપવાનો છે.

સ્વદેશી એટલે આપણા પોતાના દેશમાં, આપણા જ લોકો દ્વારા અને આપણા જ સંસાધનોથી બનેલી વસ્તુઓ. જ્યારે આપણે 'સ્વદેશી'અપનાવીએ છીએ, ત્યારે આપણે માત્ર એક વસ્તુ નથી ખરીદતા, પણ એક ભારતીય કારીગર અથવા ઉદ્યોગ સાહસિકને ટેકો આપીએ છીએ. સ્વદેશી વસ્તુ ખરીદવાનો આર્થિક ફાયદો પોતે પણ લઈ શકે અને ભારતને પણ તેનો ફાયદો રહે છે, જ્યારે આપણે સ્થાનિક ઉત્પાદનો ખરીદીએ છીએ, ત્યારે નાના ઉદ્યોગોવિકસે છે, જેનાથી લાખો લોકોને રોજગારી મળે છે.વિદેશી વસ્તુઓની આયાત ઘટવાથી દેશનું હુંડિયામણ બચે છે અને ભારતીય રૂપિયો મજબૂત બને છે. દેશમાં બનેલી વસ્તુઓના વેચાણથી સીધો ફાયદો દેશના જીડીપીને થાય છે, દેશના જીડીપી માં વધારો થાય છે. 'હર ઘર સ્વદેશી'અભિયાન આપણી પરંપરાગત કળા અને હસ્તકળાને જીવંત રાખે છે. ખાદી, માટીના વાસણો, અને સ્થાનિક વણાટકામ જેવી કળાઓને -ોત્સાહન મળવાથી આપણી સાંસ્કૃતિક ધરોહર જળવાઈ રહે છે.


આ અભિયાનને સફળ બનાવવા માટે દરેક સભ્યએ અને દરેક પરિવારે નાના ફેરફારો કરવા જરૂરી છે, આ ફેરફારો નાના હોય જેથી તેની અસર વર્તાય તેવી હોતી નથી છતાં પણ નાના પગથીયા એક મોટી મંઝીલ ચઢાવી દે છે. રોજીંદી વસ્તુઓ જેમ કે ટૂથપેસ્ટ કે સાબુ જેવી સામાન્ય લાગતી વસ્તુઓ ભારતીય બ્રાન્ડ હોય તે જ ખરીદવાનો આગ્રહ રાખો. તહેવાર હોય ત્યારે લાઈટ કે રમકડાં જેવી વસ્તુઓ સસ્તી નહિ શોધતાં સ્થાનિક બનાવટની વસ્તુઓ ખરીદો, સદાય શરીરને નુકશાનનું કારણ બને એવી જંક ફૂડ અને પેકેજડ વસ્તુઓના બદલે સ્થાનિક બજારોમાંથી કે સ્થાનિક ખેડૂતો પાસેથી મળતાં અનાજ અને ફળોને પ્રાધાન્ય આપો. શક્ય હોય ત્યાં સુધી ભારતીય એપ્સ અને સોફ્ટવેરનો ઉપયોગ વધારો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી એ આપેલો 'વોકલ ફોર લોકલ'નો નારો આ અભિયાનનો પાયો છે. તેનો અર્થ છે કે આપણે માત્ર સ્થાનિક વસ્તુઓ ખરીદવી જ નહીં, પણ ગર્વ સાથે તેનો પ્રચાર પણ કરવો જોઈએ.જો ભારતના કરોડો ઘરોમાં 'સ્વદેશી' વસ્તુઓનો પ્રવેશ થશે, તો ભારતને દુનિયાની આર્થિક મહાસત્તા બનતા કોઈ રોકી શકશે નહીં. 'હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી'એ આત્મનિર્ભર ભારતનું પ્રથમ ડગલું છે.સ્વદેશીએ દેશપ્રેમ વ્યક્ત કરવાનો સૌથી સરળ અને સચોટ માર્ગ છે. સરહદ પર લડવું એ જ રાષ્ટ્રભક્તિ નથી, પરંતુ દેશના અર્થતંત્રને મજબૂત બનાવવું એ પણ મોટી સેવા છે. જો આપણે આજે સ્વદેશીનો સંકલ્પ કરીશું, તો આવતીકાલનું ભારત ચોક્કસપણે 'સોનાની ચકલી'અને 'વિશ્વગુરુ'કહેવાશે.

તમારી એક ખરીદી, કોઈ ભારતીયના ચહેરા પર સ્મિત લાવી શકે છે.

**-ડો. મનીષકુમાર પટેલ, વાંસદા**

## ઘર આંગણાની શોભા ચકલી



આજે શહેરીકરણ વધતુ જાય છે લોકો નાના ગામડાઓ તથા કસબાઓમાંથી શહેરમાં જઈ વસી રહ્યાં છે. ગામડાઓ ખાલી થઈ રહ્યા છે. શહેરોમાં મકાનોની આંગણું નથી હોતું તે પાછળ વાડો નથી હોતો. વૃક્ષો પણ ઓછા જોવા મળે છે. પાણીની પણ સમસ્યા હોય છે. બીજી બાજુ શહેરોની વસ્તી ગીચ થતી જાય છે.

આપણા ઘરો એવી રીતે બનેલા હોય છે કે આપણને નથી આકાશ દેખાતું કે નથી ચાંદ અને તારા દેખાતાં. ઘરમાં સૂર્યનો પ્રકાશ તથા તકડો આવતા નથી. ઘરની બાલ્કની પણ એવી હોય છે કે ત્યાં પક્ષીઓ માળા બનાવી શકતી નથી. તેમને ચણવા માટે અનાજ પણ ભાગ્યે જ મળે છે.

શહેરોમાં લોકો કુંડાઓમાં થોડા ઘણા છોડ ઉછેરે છે. સાર્વજનિક બગીચાઓમાં પ્રકૃતિના દર્શન થાય છે. ફુટપાથ ઉપર પણ બ્લોક લગાડી દેવામાં આવે છે. આમ બધે જ કુત્રિમ વાતાવરણ હોય છે. એવી પરિસ્થિતિમાં ચકલીઓ કયાંથી આવે અને કયાં રહે આપણે નાના હતાં ત્યારે અકે વાર્તા સાંભળી હતી. એમાં ચકલાં-ચકલીની વાત હતી. ચકલી ચોખાનો દાણો લાવી અને ચકલો દાળનો દાણો લાવ્યો. બંનેએ ભેગા મળીને ખીચડી બનાવી. ચકલો ચકલીને નહાવા મોકલી દે છે અને પોતાના ભાગની તથા ચકલીના ભાગની એમ બધી જ ખીચડી ખાઈ જા છે.

આવી વાર્તાઓ પક્ષીઓ તકફના આપણા પ્રેમને જાગૃત કરે છે. પહેલાં તો ચકલીઓની જોડી સવારથી સાંજ સુધીમાં ઘરમાં ચીં ચીં કરતી હતી. કોઈ ફોટાની પાછળ તેઓ માળો બનાવતી હતી. ચકલો ચકલી બંને ઊડી ઊડીને તમેના બચ્ચા માટે ખોરાક લઈ આવતાં. તેમનો એ વાત્સલ્ય ભાવ અને મમતા જોઈને મનમાં આનંદની અનુભૂતિ થતી હતી.

ચકલો અને ચકલી તેમના બચ્ચા સાથે તેમની ભાષામાં વાત કરતાં હતાં. અને બચ્ચા થોડા મોટા થાય ત્યારે તેમને ઉડતાં શિખવાડતાં હતા. તેમની હાજરીથી ઘર ભર્યુ ભર્યુ લાગતુ હતું. વાતાવરણ બહુ સુંદર અને મધુર બની જતું. ચકલીઓ દાણા ચણતી હોય પરંતુ જો કોઈક તેમની પાસે જાય તો તે ગભરાઈને ઉડી થતી અને કપડા સુકવાના તાર પર કે વીજળીના તાર પર જઈને બેસી જતી. અમ તેમની હાજરીથી વાતારવણ જીવંત બની જતુ હતું.માણસ આખો દિવસ પોતપોતાના કામમાં વ્યસ્ત રહે છે. પરંતુ બીજા બધા પશુપંખીઓ ભોજનની શોધમાં પ્રવૃત્ત રહે છે. નાનકડી ચકલીઓને પણ આખો દિવસ દાણા શોધવામાં અને ચણવામાં ઉડ ઉડ કરવુ પડે છે. જયારે માદા ચકલીને ઈંડા મુકવાનો સમય આવે છે. એની પહેલા ચકલો અને ચકલી ભેગા થઈને માળો બનાવે છે. તેઓ ઉડી ઉડીને ઘાસના તણખલા લાવીને તેમને સારી રીતે ગોઠવીને સરસ મજાનોમાળો બનાવે છે. ચકીઓને જયારે આપણે સતત ઉડતી જોઈએ છીએ ત્યારે તે નાનકડા જીવનો ઉત્સાહ, સ્ફૂર્તિ તથા શકિતને જોઈને આપણને આનંદ થાય છે. અને સાથે સાથે સક્રિય રહેવાની પ્રેરણા પણ મળે છે.

ચકલીઓ નિરંતર ઉડાઉડ કરતી રહે છે. જયારે કોઈ જગ્યાએ બેસે ત્યારે સતર્ક અને સાવધાન રહીને પોતાની ડોકને બધી બાજુ ફરેવતી રહે છે.તે આપણને પણ પ્રરેણા આપે છે કે હંમેશા સાવધાન રહો. કદાપિ ગાફેલ ન રહેશો. બહુ દુઃખની વાત એ છે કે તે આપણા ઘરોમાંથી ગાયબ થઈ રી છે. દિવસે દિવસે તેમની સંખ્યા ઘટતી જાય છે.

મોટા શહેરોમાં તો ચકલીઓની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. જો આવી જ સ્થિતિ ચાલુ રેહશે તો આગામી સમયમાં ચકલીઓ કવિતા અને ચિત્રોમાં જ સિમિત થઈ જશે. પછી આવનારી પેઢીઓને ચિત્ર બતાવીને સમજાવવું પડશે કે આને ચકલી કહેવાય. ડાયનાસોના આજે માત્ર ચિત્રો જ જોવા મળે છે. એ જ રીતે ભવિષ્યમાં ચકલીઓ પણ ચિત્રોમાં સમાઈ જશે. આવું થવાની સંભાવનાને નકારી શકાય નહીં. કારણ કે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં ચકલીઓની સંખ્યા ઘટી રહી છે.

વિદેશોમાં તો ચકલીઓ વિશે અધ્યયન થાય છે. અને તેઓ જાણે છે કે ચકલીઓની સંખ્યા કેટલી ઘટી ગઈ છે. સંતોષની વાત એ છે કે હવે સરકારનું ધ્યાન તેમના તરફ ગયુ છે. અને તેણે ૨૦ માર્ચને ચકી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે.

ચકલી મોટાભાગે દાણા ખાય છે પરંતુ એના બચ્ચાને પ્રોટીન મળે એ માટે નાનાનકડા જીવજંતુઓને શોધી લાવે છે. અને પોતાના બચ્ચાના મોઢામાં મુકે છે. આપણે મકાનો, વાહનો તથા બીજી બધી વસ્તુઓ વિશે ચર્ચા વિચારણાં કરીએ છીએ પરંતુ ચકલી, કબુતર, પોપટ, મોર વગેરે પક્ષીઓ વિશે કદાપિ વિચારતા નથી.

આજે ચકલીઓ વિશે વિચારવાની ખુબ જરુર છે. કારણ કે ઘટક છે. પ્રકૃતિના દરેક છોડ, ફુલ તથા દરેક જીવનુ પણ મહત્વ છે. એ બધાને કારણે જ આપણે જીવતા રહીએ છીએ. ચકીઓ પણ આપણા જીવનનો એક ભાગ છે. તેઓ આપણને પ્રસન્નતા આપે છે. આથી તેમનું જતન કરવું તે આપણી નૈતિક અને આવશ્યક ફરજ છે.

વરસો પહેલાં એક કવિએ એક કવિતા લખી હતી 'મે ફિર કહતાં હું ચીડીયા' એ કવિતા આપણા સંસ્વારના નાના જીવનું અસ્તિત્વનું સન્માન કરતી કવિતા હતી. આ કવિતાના શીર્ષકમાં એક શબ્દ બદલીને આપણે કહેવું જોઈએ કે, 'હમ ફિર કહતે હૈ ગોરૈયા'

**- હર્ષદ દેસાઈ, વટાર**

## ધુળેટીનો બોધપાઠ

**પ્રાસંગિક** - જે.એમ. નાયક, નવસારી

આયુષ, અનય, રિયા અને રીતમ ધુળેટી રમવા માટે અગાઉથી નક્કી કર્યા મુજબ અનયના ઘરે સૌ ભેગા થયા. ઘણા દિવસો પહેલાથી તેઓએ નક્કી કર્યું હતું કે ૨૦૨૬ના વર્ષની ધુળેટી રમવાના દિવસને આપણે યાદગાર બનાવવો છે. એ માટેની ભરપૂર તૈયારીમાં એઓ ઘણા દિવસથી કરી રહ્યા હતાં.

બધાએ મોજમસ્તીથી ધુળેટીની ઉજવણી કરવા માટે રંગીન ચટાપટા વાળા કપડા પણ ખરીદી લીધા હતાં. બધા જ મિત્રો ધુળેટી રમવા માટે ખૂબ જ ઉત્સાહથી જાતજાતની વાતો કરતા હતા. બધા બાળ મિત્રોની વાત ઘરના વડીલ પ્રકાશકાકા સાંભળી રહ્યા હતા. એમણે બધાની અંદરોઅંદરની મોજ મસ્તીની વાત સાંભળીને એમને પોતાની પાસે બોલાવ્યા.

પ્રકાશકાકા એ બધાનો ઉત્સાહ વધારતા જણાવ્યું કે હું તમને કેમિકલ રંગો નહીં પરંતુ કુદરતી રંગો ધુળેટી રમવા માટે લાવી આપું છું. હર્બલ રંગોથી તમારી ત્વચાને નુકસાન પણ થશે નહીં. હું જે રંગો લાવી આપું તે ફક્ત રંગો જ નથી પરંતુ એ ખુશ્બુ પ્રેમ અને આનંદના પ્રતિક પણ છે. ધુળેટી એ ફક્ત મોજ મસ્તીનો તહેવાર નથી પરંતુ રંગોનો તહેવાર ધુળેટીમાંથી જીવનનો બોધપાઠ પણ મળે છે. વિવિધ રંગો તમે એકબીજા પર ફેંકો છો પરંતુ એ રંગોમાંથી પણ તમને કંઈક શીખવા મળે છે એ હું તમને જણાવવા માગું છું.

પ્રકાશકાકાએ બાળ મિત્રોનો વધારતા જણાવ્યું કે પીળો રંગ આનંદ અને ઉજાસનો છે જે સૂચવે છે કે આપણે એકબીજાના જીવનમાં આનંદ અને ઉજાસ ભરી દઈએ. વાદળી રંગ શાંતિ અને સંયમ સૂચવે છે.



ઓરેન્જ રંગ તમારામાં સર્જનાત્મકતા ખીલવે છે અને તમારા જીવનમાં ઉત્સાહનો પણ વધારો કરે છે. લીલો રંગ જીવનમાં નવી શરૂઆત કરવા તથા સૌમ્યતાનું સૂચન કરે છે. લાલ રંગ પ્રેમનો છે એ તો તમે બધા જાણો જ છો. લાલ રંગમાંથી ઊર્જાનો પાઠ પણ શીખવા મળે છે. બધા બાળકો પ્રકાશ કાકાની રંગોની બોધ કથા સાંભળીને રાજી રાજી થઈ ગયા.

બધા મિત્રો એક સાથે બોલી ઉઠ્યા કે ધુળેટી એ ફક્ત મોજ મસ્તી માટેનો તહેવાર નથી પરંતુ વિવિધ રંગો દ્વારા જીવન જીવવા માટેનો સંદેશ પણ રંગોમાંથી મળી રહે છે.

બાળકોને સમજાયું કે દરેક રંગ સાથે જીવનના મૂલ્યો સંકળાયેલા છે. ધુળેટી એ મન અને હૃદયને રંગીનતાથી ભરી દે છે. બધા બાળકોએ પ્રકાશકાકાનો ખૂબ ખૂબ આભાર માન્યો એટલું જ નહીં હવે પછી દરેક ઉત્સવ આવે ત્યારે એ અંગે એમાંથી શું શીખવા મળે તે અંગેનું જ્ઞાન આપવા પણ જણાવ્યું.

### પ્રાસંગિક કાવ્ય

*રંગાયો હું તારા પ્રેમના રંગોથી*
*ભરતો રહ્યો સાત રંગો કલ્પનામાં*
*ગામની ધૂળમાં મોટા થયા રમીને*
*ખેલવી છે સંગ તારે રંગોની ધૂળેટી*
*લગાવ્યો તેં જે રંગ પ્રેમનો*
*મિટાવી નહીં શકે એને કોઈ*
*તારા નખને બેઠો હું રંગવા*
*સાતે સાત રંગો ગયા શરમાઈ*
*મુલાયમ ગાલને સ્પર્શવા હતા*
*ધૂળેટીનું મળી ગયું બહાનું*
*તારી સંગતના રંગો ચઢ્યા મને*
*મેઘધનુષી રંગો પણ ઝાંખા પડ્યા*
*મન ભરીને રમવી છે ધૂળેટી*
*માણવી છે ધુળેટી સંગ તારે*
*જેમ્સ પાઠવે છે સૌને*
*પ્રેમ પ્રીત ધૂળેટીની શુભકામના*

## સળગતો ટુકડો, સળગતી જાન : સિગારેટથી યારી, મોતની તૈયારી



માનવ જીવન એ કુદરતની શ્રેષ્ઠ કૃતિ છે. પણ આજના આધુનિક યુગમાં, માણસ પોતાની જિંદગીની કિંમત ભૂલી રહ્યો હોય તેમ લાગે છે. રસ્તાઓ પર, કોલેજ કેમ્પસની બહાર કે ઓફિસના બ્રેક દરમિયાન એક સામાન્ય દ્રશ્ય જોવા મળે છે—આંગળીઓની વચ્ચે દબાયેલો એક સફેદ કાગળનો ટુકડો, જેમાંથી નીકળતો ધુમાડો કોઈની જિંદગીને ધૂંધળી કરી રહ્યો હોય છે. જેને લોકો સ્ટેટસ સિમ્બોલ કે ટેન્શન દૂર કરવાનું સાધન માને છે, તે વાસ્તવમાં એક મીઠું ઝેર છે.

ભ્રમ અને હકીકત ધુમાડો કે ગમ?

ધૂમ્રપાન કરનાર વ્યક્તિ પાસે હંમેશા એક બહાનું તૈયાર હોય છે ગમ ભુલાવવા માટે પીવી પડે છે. પણ શું ખરેખર નિકોટિન તમારા જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે? જરા વિચારો, જ્યારે તમે એક સિગારેટ સળગાવો છો, ત્યારે તે ફક્ત તમાકુ નથી સળગાવતી, પણ તમારી આસપાસના લોકોની શુદ્ધ હવા અને તમારા પરિવારની ખુશીઓ પણ સળગાવે છે. જે ગમને ભુલાવવાની તમે વાત કરો છો, તે ગમ તો ત્યાંનો ત્યાં જ રહે છે, પણ એ ધુમાડો તમારા ફેફસાંમાં જમા થઈને કેન્સર જેવી ભયાનક બીમારીનું બીજ રોપે છે.

મારા જીવનનો અનુભવ અંધકારથી પ્રકાશ તરફ

આ લેખ લખતી વખતે મારું હૃદય ભરાઈ આવે છે, કારણ કે મેં પોતે જીવનના એવા વળાંક જોયા છે જ્યાં મને મોત વહાલું લાગતું હતું. એક સમયે હું પણ હારી ગઈ હતી અને બધું જ ખતમ કરી દેવા માંગતી હતી. પણ જ્યારે મેં મોતને નજીકથી જોયું અને ત્યાંથી પાછી ફરી, ત્યારે સમજાયું કે શ્વાસ લેવાની કિંમત શું છે! જે લોકો આજે સ્વેચ્છાએ પોતાના શ્વાસને ઝેરી બનાવી રહ્યા છે, તેમને મારે પૂછવું છે—કેમ? જે જિંદગી મેળવવા માટે લાખો લોકો હોસ્પિટલમાં સંઘર્ષ કરી રહ્યા છે, તેને તમે પાંચ-દસ રૂપિયામાં કેમ વેચી રહ્યા છો?

આર્થિક અને શારીરિક બરબાદી સિગારેટ પીવી એ માત્ર સ્વાસ્થ્યની બરબાદી નથી, પણ આર્થિક પાયમાલી પણ છે. તમે દરરોજ જે પૈસા ધુમાડામાં ઉડાવો છો, જો તે બચાવવામાં આવે તો તમારા બાળકના ભવિષ્ય કે તમારા પરિવારની કોઈ મોટી જરૂરિયાત પૂરી થઈ શકે છે. ધૂમ્રપાન કરનાર વ્યક્તિ ફક્ત પોતાની જાન નથી જોખમમાં મૂકતી, પણ પેસિવ સ્મોકિંગ દ્વારા તે પોતાના નિર્દોષ પરિવારજનોને પણ બીમારીની ભેટ આપે છે. શું તમારો ક્ષણિક આનંદ તમારા પ્રિયજનોના જીવનથી મોટો છે?

હોસ્પિટલના બિછાનેથી એક અવાજ

ક્યારેક કોઈ સરકારી કે ખાનગી હોસ્પિટલના કેન્સર વોર્ડની મુલાકાત લેજો. ત્યાં તમને એવા યુવાનો જોવા મળશે જેમના ચહેરા પર પસ્તાવો છે. તેમની આંખોમાં એક જ વાત વંચાય છે જો મેં એ દિવસે મિત્રોના દબાણમાં આવીને કે સ્ટાઈલ મારવા માટે એ પહેલી સિગારેટ ન સળગાવી હોત, તો આજે હું મારા પરિવાર સાથે હોત. એ પસ્તાવો મરતી વખતે થાય તેના કરતા અત્યારે જાગી જવું વધુ સારું છે.

નિષ્કર્ષ કલમ ઉઠાવો, સિગારેટ નહીં

મારી જિંદગીના અંધકારમાંથી બહાર આવ્યા પછી મેં નક્કી કર્યું છે કે મારી કલમ હવે સમાજની જાગૃતિ માટે ચાલશે. દુઃખ હોય તો તેને હિંમતથી લડો, નિષ્ફળતા મળી હોય તો સફળતાથી જવાબ આપો, પણ ક્યારેય નશાના રવાડે ન ચઢો. સિગારેટનો એ સળગતો ટુકડો તમારી જાન લેવા માટે પૂરતો છે.

જીવવું હોય તો ગર્વથી જીવો, ધુમાડામાં લપાઈને નહીં. યાદ રાખજો—સિગારેટથી યારી, એ જ છે મોતની પાકી તૈયારી. તમારી જિંદગી કોઈના ત્યાગ કે ધિક્કાર માટે નથી, પણ તમારા પોતાના સન્માન માટે છે.

**-અંજલિ પ્રજાપતિ, પારડી**

### ગુજરાતમાં આવી ગયું અન્ન પૂર્તિ ATM, કલોલથી પ્રારંભ

# હવે રૂપિયાની જેમ મશીનમાંથી અનાજ નીકળશે

(જી.એન.એસ) તા.૩ : બટન દબાવો અને અનાજ લઇ લો.... જેમ છ્સ્માંથી રૂપિયા નીકળે છે તેવી જ રીતે હવે ગુજરાતમાં છ્સ્માંથી ૨૪ કલાક અનાજ પણ મળી શકશે. આ મશીનનું નામ અન્ન પૂર્તિ ગ્રેઇન છ્સ છે. લોકોએ કલાકો સુધી રેશનિંગની દુકાન બહાર લાઇનમાં ઊભું રહેવું નહીં પડે. આ મશીન આજે કલોલમાં ખુલ્લું મુકાશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (ઝમ્ઙ્ઝ) આધારિત એક એવી વ્યવસ્થા ચાલુ કરી છે. જેમાં ઊઇ કોડ સ્કેન કરવાથી રેશનકાર્ડ ધારકને અનાજ મળી રહેશે. આ બન્ને સિસ્ટમ શું છે અને કેવી રીતે કામ કરે છે તે જાણવા દિવ્ય ભાસ્કરે ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધાર સાથે વાતચીત કરીને વધુ માહિતી મેળવી હતી.પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ દેશના ૮૧ કરોડ લોકોને સરકાર વિના મૂલ્યે રાશન આપે છે. કેન્દ્ર સરકાર દર મહિને ઘઉં અને ચોખા આપે છે. જ્યારે રાજ્ય સરકાર રાહત દરે તુવેરની દાળ, ચણા, ખાંડ અને મીઠું આપે છે.હવે ગુજરાત સરકાર રાશન કાર્ડધારકોને વસ્તુઓ મળી રહે તે માટે અન્ન પૂર્તિ ગ્રેઇન છ્સ મશીન મૂકશે. આ મશીનમાંથી લાભાર્થીને પેકિંગ કરેલું અને લૂઝ એમ બન્ને પ્રકારનું અનાજ મળી શકશે. માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ થશે. જે વજન, મૂલ્ય અને ગુણવત્તાની દ્રષ્ટિએ સંપૂર્ણ સચોટ હશે. આ મશીન ૨૪ કલાક ચાલુ રહેશે. ગાંધીનગરના કલોલમાં આજથી તેની શરૂઆત કરાશે. કલોલમાં રેશન કાર્ડધારકો માટે મૂકાનારા આ મશીનને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ખૂલ્લું મૂક્યું હતું.




દરેક વસ્તુના પેકેટના અલગ અલગ ખાના રહેશે. એક વસ્તુ માટે ૨૦૦ કિલોની કેપેસિટી છે. મશીન ખાલી થઇ જાય પછી જ નવા પેકેટ મુકવા તેવું જરૂરી નથી. થોડા પેકેટ બચેલા હોય ત્યારે તેને અપલોડ કરી શકાય છે. કેન્દ્ર સરકારના ઘઉં અને ચોખા છુટક મળે છે. જ્યારે રાજ્ય સરકારનું અનાજ પેકિંગમાં મળશે તેથી બન્ને પ્રકારના વેન્ડિંગ મશીન મુકવામાં આવશે. લાભાર્થીના ડેટા બેઝ સાથે મશીનનો સોફ્ટવેર ઇન્ટિગ્રેટ કરાશે. જેથી લાભાર્થીની વિગતો મળી જાય. જે લાભ મળવાનો હોય તે પ્રમાણે લાભાર્થી જે પણ સિલેક્ટ કરે તે વસ્તુઓ સીધી વેન્ડિંગ મશીનથી તેને મળી જશે.કલોલ બાદ તબક્કાવાર ગુજરાતના બીજા જિલ્લાઓમાં આવા મશીન મુકાશે. કલોલમાં ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય કોર્પોરેશનના ગોડાઉન ખાતે આ મશીન મુકવાનું નક્કી કરાયું છે. કેમ કે તેની આજુબાજુ સસ્તા અનાજની ૬ દુકાનો છે એટલે તે સ્થળને પસંદ કર્યું છે. જ્યારે અન્ય શહેરોમાં ગોડાઉન સિવાયની જગ્યાઓ પણ પસંદ કરાશે.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ 9879374605

# પારડીની વલ્લભ આશ્રમ સ્કુલના બાળકો માટે સ્ટેકિંગનું આયોજન કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડી નગરપાલિકા દ્વારા આયોજિત હેપ્પી સ્ટ્રીટ ઈવેન્ટ પાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાનમાં યોજવામાં આવી હતી. જેમાં સ્પેશિયલ સાયકલ ટ્રેક પર વલ્લભ આશ્રમ સ્કૂલના ૮ થી ૧૦ બાળકો માટે સ્કેટિંગ પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલિકાના ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન રાજનભાઈ ભટ્ટનો મહત્વનો ફાળો રહ્યો હતો. જેમના માર્ગદર્શન હેઠળ બાળકોને પોતાની પ્રતિભા દર્શાવવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ મળ્યું હતું. સ્કેટિંગ વ્હીલ્સ પર સવાર ભૂલકાઓની સ્ફૂર્તિ જોઈ ઉપસ્થિત નગરજનો મંત્રમુગ્ધ થયા હતાં. પારડી નગરપાલીકા કાર્યક્રમમાં કારોબારી ચેરમેન ચેતનભાઈ ભંડારી, આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, ધ્રુવિન પટેલ અને શ્રેયસ પારેખે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર અને મુકાદમ પંકજકુમાર ગરણીયાની ટીમ વ્યવસ્થા પુરી પાડવા સાથે રહી હતી.

# પારડી શહેર કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખની નિમણૂંક કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પારડી શહેર કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખ તરીકે કપિલકુમાર હળપતિની નિમણૂંક કરવામાં આવી છે. વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશનભાઈ પટેલ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચના મુજબ પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કપિલકુમાર કાંતિભાઈ હળપતિની નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે લાંબા સમયથી શહેર પ્રમુખની વરણીનો મુદ્દો ચાલી રહ્યો હતો. નવા પ્રમુખ તરીકે કપિલભાઈની વરણી થતાં અટકળોનો અંત આવ્યો છે. પારડી શહેરના માળખાકીય નવા સંગઠન માટે કોંગ્રેસે પ્રમુખની નિમણૂંક કરી છે હવે પછી સંપૂર્ણ ટીમની નિમણૂંક કરવામાં આવશે. કપિલભાઈની વરણી તથા કોંગ્રેસ કાર્યકર્તાઓમાં ઓછા છવાઈ ગયો છે.



# ઉમરસાડી માછીવાડમાં પરંપરાગત વૈદિક હોળી મહોત્સવની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડી તાલુકાના ઊમરસાડી માછીવાડ ગામમાં વર્ષો જૂની પરંપરા મુજબ વૈદિક રીતે ગામમાં ઠેર - ઠેર જગ્યાએ હોળી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી મુર્હત પ્રમાણે સાંજે ૭:૦૦ કલાકે હોળી પ્રજવલિત કરવામાં આવી હતી. હોળીના દર્શન કરવા માટે ગામવાસીઓની દર્શન કરવા માટે ભીડ જામી ગઈ હતી. આ ગામની પરંપરા મુજ ૧ મુજબ જે યુગલ લગ્નગ્રંથિથી જોડાઈ છે એ પોતાના એ પરિવાર, સગા-સંબંધીઓ સાથે પૂજા અર્ચના વિધીના સામાગ્રી સાથે બેન્ડવાજા, કડવા વાલની પાપડી, ઠંડું - પીણુંની વ્યવસ્થા સાથે પધારી માતાજીની પ્રદક્ષિણા કરી પૂજા - અર્ચના કરી પોતપોતાની મનોકામના પૂર્ણ કરે છે. નવયુગલ દંપતી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. દર્શન બાદ પધારેલ સગાંસંબંધીઓ નાસ્તા, ચા-પાણી પતાવી ગામનાં મંદિરોમાં દર્શન કરી ઘરે પરત ફરે છે.

બીજા દિવસે ધૂળેટીના પાવન પ્રસંગે હોળી ફગવા માટે ગામમાં ફરવાનો રિવાજ છે. શ્રી વિદ્યાર્થી પ્રગતિ મંડળ તથા શ્રી માછી મહાજન પંચ આ બે મંડળો સમગ્ર ગામમાં સવારથી સાંજ સુધી ઘરે ઘરે જઈ ભ્રમણ કરી હોળીનાં ફગવા એકત્રિત કરે છે. આ દાનમાં આવેલી રકમ વ્યવસ્થિત જગ્યાએ ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે શ્રી વિદ્યાર્થી પ્રગતિ મંડળએ ધો.૮થી કોલેજ સુધી અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકનું વિતરણ કરે છે. વર્ષો પહેલાં ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ અર્થે લોન આપવામાં આવતી હતી. આજ રીતે શ્રી માછી મહાજન પંચએ પ્રાપ્ત કરેલ હોળીનાં ફગવાની રકમનો ઉપયોગ શ્રી લક્ષ્મી નારાયણ મંદિર તથા શ્રી સંકટ મોચન હનુમાન મંદિરના પૂજારીઓનો પગાર, પાટોત્સવ, મંદિરનું રિપેર કામ, યજ્ઞહોમ જેવા વિવિધ પ્રસંગોએ ઉપયોગમાં લેતાં હોય છે. આ રીતે સમગ્ર ગ્રામજનો આનંદ અને ભારે ઉત્સાહથી હોળીના પાવન પર્વની ઉજવણી કરતા નજરે પડે છે.

# મોટાવાઘછીપાની સ્વૈચ્છિક રક્તદાન શિબીરમાં ૧૨ યુનિટ રક્ત એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૨ :** પારડી તાલુકાના મોટા વાઘછીપા સ્થિત સંસ્કાર કેન્દ્ર શાળામાં તા.૧ માર્ચ ૨૦૨૬, રવિવારે સ્વૈચ્છિક રક્તદાન શિબીરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞનું આયોજન ધન્વંતરી ચેરીટેબલ ટ્રસ્ટ, ગુજરાત સિકલસેલ રુગ્ણ ફાઉન્ડેશન (સૂચિત) તથા વલસાડ જિલ્લાના સૌ યુવામિત્રોના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ગામના અગ્રણી સરપંચ, કાર્યકરો, સેવાભાવી યુવાનો અને રક્તદાતાઓની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને ભવ્યતા આપી હતી. રક્તદાન માટે યુવાનોમાં ઉત્સાહજનક પ્રતિસાદ જોવા મળ્યો હતો. શિબીર દરમિયાન કુલ ૧૨ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે રક્તદાતાઓને ચકલી માળો અને ફૂલછોડ અર્પણ કરી અનોખી રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. એક રક્તદાન - એક જીવને જીવન અને એક ચકલી ઘર - અનેક પક્ષીઓને આશરો જેવા સંદેશ સાથે માનવતા અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શિબીરને સફળ બનાવવા ગ્રામ પંચાયત મોટાવાઘછીપા, હોટલ અનાયા, RCM પરિવાર -વિમલ પટેલ, રામદેવ કિરાણા સ્ટોર, માધવ ક્લિનિક - ડૉ. મયંક પટેલ, મહાદેવ કિરાણા સ્ટોર, શ્રી સાંઈ એલ્યુમિનિયમ અને દરવાજા, JD રેસ્ટોરન્ટ તથા શ્રેયાન ડેકોરેશનનો વિશેષ સહયોગ રહ્યો હતો.

અંતે તમામ દાતાઓ, શુભેચ્છકો તથા વલસાડ રક્તદાન કેન્દ્રનો આયોજકો દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ભગિની સમાજ હાઈ સ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને વિધિવત ચાંદલો કરી ચોકલેટ આપી પરીક્ષાઓની શુભકામનાઓ આપવામાં આવી હતી. શાળાના આચર્યા ચેતનાબેન પટેલ સહિત શાળાના શિક્ષકોએ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કર્યા હતાં અને ધોરણ ૧૦માં ઊંચું પરિણામ આવે એ માટે શુભકામનાઓ આપી હતી. આ સ્કૂલમાં ધોરણ ૧૦માં ૪૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપી રહ્યા છે. વિશાળ સંખ્યામાં વાલીઓ પોતાના બાળકોને લઈને આવ્યા હતાં અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

**વાપીમાં મહિલાને B-ve રક્તની ડિમાન્ડની પોસ્ટ ગૃપમાં મુકતાં**

# પારડીના અબ્દુલ પારડીવાલાએ વાપીની મહિલાને બ્લડ આપી માનવતા મહેકાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** ઈમરજન્સી બ્લડ ગ્રુપમાં પારડીના વકીલ અશોકભાઈ પ્રજાપતિ દ્વારા એક બ્લડ ડિમાન્ડ માટે પૉસ્ટ મૂકવામાં આવી કે વાપીની 21st century હોસ્પિટલમાં એક મહિલા દર્દીને B-ve રક્તની ઈમરજન્સીમાં જરૂર પડી હતી. B-ve એક એવું બ્લડ ગ્રુપ છે જે જૂજ લોકોમાં મળતું હોય છે અને નેગેટિવ શ્રેણી હોવાના કારણે એનો બ્લડ બેન્કમાં સંગ્રહ પણ લાંબા સમય સુધી થતો નથી. માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે મોટાભાગે દાતાઓ શોધવા પડતા હોય છે. હાલમાં રમઝાન મહિનો ચાલે છે. પારડીના સ્થાનિક અબ્દુલભાઈ પારડીવાલા પણ રોઝા પર હતાં તેમ છતાં માનવતા માટે રોઝો તોડીને આજે પારડીથી



વાપી બ્લડ આપવા માટે આવ્યાં હતાં. અબ્દુલભાઈ થકી થયેલ આ સેવા કાર્ય સમાજ માટે એક ઉદાહરણ છે કે ધર્મ અને મજહબ કરતા માનવતા મોટી હોય છે. કેમ કે ભગવાન એજ મનમાં વસે જ્યાં માનવતા વસે. પારડી ઈમરજન્સી બ્લડ ડોનર ગ્રુપ અબ્દુલભાઈ અને એમના જેવા બીજા બધાજ ઈમરજન્સીમાં રકતદાન કરતા મિત્રોનો આભાર માને છે અને અભિનંદન પાઠવે છે.

# ઉમરસાડી માછીવાડમાં જાળીમાં ફસાયેલા સાપનું રેસ્કયુ કરાયું



દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામના ભરા ફળિયા ખાતે એક ઘર પાસે જાળીમાં સાપ ફસાયો હતો. જેની જાણ પારડી જીવદયા ગ્રુપને કરતા પ્રમુખ અલી અંસારીના માર્ગદર્શન હેઠળ સભ્ય યાસીન મુલતાની સ્થળ પર દોડી આવ્યા હતાં અને જ્યાં જોતા આ સાપ ઝેરી રસલ વાઈપર હોવાની જાણ થઈ હતી. જેને જાળીમાંથી સહીસલામત રીતે બહાર કાઢી રેસ્ક્યુ કરવામાં આવતા પરિવારના સભ્યોએ રાહતનો શ્વાસ લીધો હતો અને આ અંગે વન વિભાગને જાણ કરી સાપને જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી છે.

# પારડીની જે.પી. પારડીવાલા કોલેજના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઝળકયાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** પારડીમાં જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વર્ષ ૨૦૨૫-૨૬માં કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગૌરવ વધાર્યું હતું. જેમાં હોકી સિનિયર નેશનલ સ્પર્ધા માટે દીપ કંસારા અને ફેનીલ પટેલની પસંદગી થઈ હતી. તેઓ ઝાંસી મુકામે ગુજરાતની ટીમમાંથી રમવા માટે ગયા હતાં. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોકી ટીમની પસંદગી કરવામાં આવી હતી. જેમાં પારડી કોલેજના દીપ કંસારા, ફેનિલ પટેલ, દિલીપ ચૌધરી, જેનીશ આહિર, કરણ રાઠોડ, પ્રવીણ ચૌધરી, હાર્દિક માલવકર, દીપ પટેલની પસંદગી થઈ હતી.

જેઓ ભોપાલ યુનિવર્સિટી ભોપાલ રમવા માટે ગયા હતાં. જેમાં યુનિવર્સિટી ટીમ કેપ્ટન તરીકે આપણી કોલેજના દીપ કંસારાની પસંદગી થઈ હતી. યુનિવર્સિટીની ક્રિકેટ બહેનોની ટીમમાં પાયલ પાટલિયાની ઓપનિંગ



બેસ્ટમેન તરીકે પસંદગી થઈ હતી. જેઓ બનસ્થલી યુનિવર્સિટી જયપુર મુકામે રમવા માટે ગયા હતાં.

હોકી બહેનોની ટીમમાં પ્રિયા પાસવાનની પસંદગી થઈ હતી. જેવો સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટી, પૂના મહારાષ્ટ્ર મુકામે રમવા માટે ગયા હતાં. લોન ટેનિસ ભાઈઓની ટીમમાં વિનીત હળપતિની પસંદગી થઈ હતી.

જેઓ કોલ્હાપુર યુનિવર્સિટી મહારાષ્ટ્ર મુકામે રમવા ગયા હતા. આંતર કોલેજ હોકી ભાઈઓ સ્પર્ધામાં રનર અપ અને કબડ્ડી બહેનોમાં રનરઅપ બની કોલેજને ગૌરવ અપાવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાતના ૫૬માં ખેલકુદ મહોત્સવ યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. જેમાં દીપ કંસારાએ બરછીફેંક ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને હથોડા ફેંક ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

ઉપરોક્ત તમામ સિદ્ધિ બદલ પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ અને ટ્રસ્ટ તેમજ કોલેજ પ્રાપ્ત પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં. કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગંગાબેન પટેલના માર્ગદર્શન અને સહકારથી જીમખાના સમિતિના અધ્યક્ષ પ્રા. જીતેન્દ્ર ટંડલે ખેલાડીઓને કોચિંગ પૂરું પાડ્યું હતું.

# ઉમરસાડીનો પેડેસ્ટ્રિયન બ્રિજ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દેશે



પારડી તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલ ગામો જેમાં ઉંમરસાડી દેસાઈવાડ ગામનો સમાવેશ થાય છે. આ ગામ ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી નાણામંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈનો વતન છે એમનું ગામ છે. તેઓ પોતાના ગામને ડેવલોપમેન્ટ કરવા માટે છેલ્લા લાંબા સમયથી ખંત અને મહેનતથી કામ કરી રહ્યા છે. પોતાના ગામને ડેવલપમેન્ટ કરવા સાથે સાથે તેઓ પારડી તાલુકાના વાપી તાલુકા, વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓને રાજ્યના તમામ જિલ્લાઓ તાલુકાઓનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે સરકારી ગ્રાન્ટ ફાળવી સખત મહેનત કરી રહ્યા છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પ્રેરણા માનીને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ અને પોતાના સાથી તમામ ભાજપના નેતાઓને સાથે લઈ વિકાસ તરફ સતત કૂચ કરી રહ્યા છે. પારડી તાલુકાના દરેક ગામડાઓમાં નવી પ્રાથમિક શાળાના મકાનો બની રહ્યા છે, નવી ગ્રામ પંચાયતો બની રહી છે, રસ્તાઓ પહોળા થઈ રહ્યા છે, દરેક દિશાઓમાં કામને વેગ મળી રહ્યો છે. પારડી સિટીમાં સૌથી મહત્વપૂર્ણ ભૂગર્ભ ગટર યોજના માટે એસટીપી પ્લાન્ટનું કામ શરૂ થઈ ગયું છે. પારડીમાં દરેક કચેરીઓ નવી બની રહી છે. વિશાળ કોર્ટની કચેરી પણ આધુનિક બની રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પારડીના ધારાસભ્ય ગત રવિવારના રોજ પોતાના વતન ઉમરસાડી દેસાઈવાડની મુલાકાત લીધી હતી. વિશાળ બજેટ રજૂ કર્યા બાદ તેઓએ પોતાના ગામમાં આવી વિકાસના કામો નિહાળીયા હતાં. એમની સાથે એમના પત્ની ભારતીબેન એમના દીકરી મીનલબેન અને હેતલબેન સાથે અનાવિલ સમાજના અગ્રણી મહેશભાઈ, ભરતભાઈ, ગ્રામજનો વિશાળ સંખ્યામાં એમની સાથે જોડાયા હતાં. તેઓએ ઉમરસાડીને પર્યટન ક્ષેત્ર બનાવવા માટે સખત મહેનત કરી છે. દરિયાનો બીજ વિશાળ છે. દરિયા અને ગામની



**પારડીનો પત્ર**
**કુલદિપસિંહ રાજપુત, પારડી**

સીમાડ વચ્ચે ગંગાજી નદી આવી જતાં કિનારા પર જઈ શકાતું ન હતું પરંતુ કનુભાઈએ દરિયા કિનારાને વિકસાવવા માટે સફળ આયોજન કર્યું અને એક સુંદર ડિઝાઈનવાળો કલરવાળો બ્રિજ તૈયાર થઈ ચૂક્યો છે. ટૂંક સમયમાં આ બ્રિજનું ઉદ્ઘાટન કરી કિનારાને ખુલ્લો મુકવામાં આવશે. પારડી પંથક સહિત જિલ્લાના દરેક વિસ્તારના લોકો રાજ્યના લોકો રાજ્ય બહારના લોકો મુલાકાત કરી શકશે. હાલમાં લોકોને ખાસ કરીને સ્થાનિક લોકોને જાણ થતાં સ્થાનિક લોકો વિશાળ સંખ્યામાં દરરોજ સાંજે દરિયા કિનારામાં જઈ પર્યટનનો આનંદ લઈ રહ્યા છે. લોકોને રિલેક્સ મળી રહ્યો છે. કનુભાઈએ પણ સાંજે જ મુલાકાત લીધી હતી. વિશાળ સંખ્યામાં એમની જોડે પારડીવાસીઓ જોડાયા હતાં. માછીવાડમાં આધુનિક ખેતીનું નિર્માણ થઈ રહ્યું છે તે પણ ટૂંક સમયમાં બનીને તૈયાર થઈ જશે. દેસાઈવાડમાં બ્રિજનું કામ પૂર્ણ થતાં હવે ટૂંક સમયમાં એનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ગામના સરપંચ રાજેશભાઈ નાયકા ઉપસરપંચ રૂપેશભાઈ અને એમની ટીમ વિકાસના કામો ખબે ખભા મિલાવી ધારાસભ્ય કનુભાઈની સુચના મુજબ કરી રહ્યા છે. સમગ્ર દેસાઈવાડ ગામ કંપની અને પ્રોજેક્ટથી વિકસિત થઈ ગયું છે. ગામના રસ્તા પણ પહોળા બનાવી દેવામાં આવ્યા છે. પોસ્ટલ હાઈવે ડેવલોપમેન્ટ થયું છે. વલસાડ તાલુકા અને પારડી તાલુકા અને જોડતા પાર નદીના બ્રિજનું નિર્માણ થતાં વલસાડ અને દરેક કાંઠા વિસ્તારના ગામડાઓની કનેક્ટિવિટી જોડાઈ ગઈ છે. આ તમામ કામ કરી બતાવ્યા છે. કનુભાઈ દેસાઈએ હવે આજે લોકોને રાષ્ટ્રીય હાઈવેના ટ્રાફિકથી બચાવ થયો છે.

કાંઠા વિસ્તારના લોકો પોસ્ટલ હાઈવેનો ઉપયોગ કરી વાપી અને દમણ નોકરી માટે જઈ રહ્યા છે. એમને વિકાસ પદ્ધતિ અને એમના કામને આલેખ દ્વારા આપણે અભિનંદન આપીએ છીએ.

ઉંમરસાડીમાં નિર્માણ પામેલા બ્રિજ હવે ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે. છતાં લોકો દૂર દૂરથી આવી બ્રિજની મુલાકાત લઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં બ્રિજના વિડીયો ફરતા થયા છે. લોકો પોતે વિડીયો બનાવીને બ્રિજના વખાણ કરી રહ્યા છે.



# પારડીની એન.કે. દેસાઈ કોલેજમાં યુથ એસેમ્બલી કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૩ :** એન.કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી વલસાડ દ્વારા પારડી વિધાનસભાનો યુથ એસેમ્બલી કાર્યક્રમ તા.૨ માર્ચ, ૨૦૨૬ના રોજ એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. યુથ એસેમ્બલી કાર્યક્રમ અંતર્ગત એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળા અને કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વલ્લભાશ્રમ સ્કૂલની વિદ્યાર્થીની જાનવી પટેલ દ્વિતીય ક્રમે રોફેલ કોલેજની વિદ્યાર્થીની શુભ્રા ચૌબે તૃતીયક્રમે એન કે દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની ખુશી પંચાલ તેમજ આશ્વાસન ઈનામ વૈષ્ણવી પ્રજાપતિ તેમજ સની સંકલપુરા વિજેતા જાહેર થયા હતાં. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોશી તેમજ પારડી એજ્યુકેશન



સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમમાં પ્રસંગિક ઉદબોધન તેમજ આભાર વિધિ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહે કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ. અજય પટેલ, ડૉ. તપનસિંહ પરમાર તેમજ ડૉ. વિક્રમ ભારત એ કામગીરી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. શિવાની આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન તેમજ સુંદર આયોજન બદલ તેમજ દરેક સ્પર્ધકો ને ભાગ લઈને વિજેતા થવા બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહ તેમજ પારડી એજયુકેશન સોસાયટીના પ્રમુખ હેમંત દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતાં.

# અન્ય સમાચારો

Wednesday 04, March 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 04, March 2026

## ઈરાનના આક્રમક જવાબથી દુનિયામાં વધતો ઉચાટ

અમેરિકા અને ઈઝરાયલે કરેલા સંયુક્ત હુમલાના જવાબમાં મરણિયા બનેલા ઈરાને જવાબી હુમલા કરીને આ જંગને વધુ જટિલ બનાવી દીધો છે. તેલ સમૃદ્ધ આરબ દેશો અને ત્યાં સ્થિત અમેરિકન લશ્કરી થાણાને નિશાન બનાવી રહેલા ઈરાને તેના આક્રમક ઈરાદા છતા કરી દીધા છે. ઈઝરાયલ અને અમેરિકાના દળોના હુમલાથી તારાજ તેહરાનની આ કાર્યવાહીથી દુનિયાનાં અર્થતંત્રની સામે પણ જોખમી પડકાર ઊભો થયો છે. પશ્ચિમ બદલાતાં જતાં ચિત્ર વચ્ચે શાંતિના કોઈ સંકેત જણાતા ન હોવાથી વિશ્વના દેશો ચિંતિત બન્યા છે. અમેરિકાએ પોતાના સૈનિકો ખોયાની કબૂલાત કરી છે. પેન્ટાગોન કહે છે, યુદ્ધ અમે શરૂ નથી કર્યું, પણ યુદ્ધ ક્યારે ખતમ થશે એ નક્કી અમેરિકા જ કરશે... આ નિવેદન દર્શાવે છે કે, નજીકના ભવિષ્યમાં હિંસાનો દાવાનળ શાંત થતો દેખાતો નથી. ઈરાન તેના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનેઈના મોત અને હુમલાથી સર્જાઈ રહેલી તબાહીથી થથરીને ઘૂંટણિયે પડી જશે એવી અપેક્ષાથી વિપરિત ઈરાન વધુ મરણિયું ને ઘાતક બન્યું છે. અમેરિકા અને ઈઝરાયલના આક્રમણમાં આયાતોલ્લાહ ઉપરાંત ઈરાને તેની ટોચની નેતાગીરી પણ ગુમાવી હોવાના અહેવાલ છે. નવા વચગાળાના નેતા તરીકે આયાતોલ્લાહ અલીરેઝા અરાફીની પસંદગી કરાઈ છે. ઈરાને વળતા હુમલા કરીને આરબ દેશો અને ત્યાં સ્થિત અમેરિકન થાણાને નિશાન બનાવ્યા છે. આરબ દેશોની સલામતીના જોખમી બનેલા ગણિત વચ્ચે હિઝબુલ્લાહ સંગઠને ઈઝરાયલ પર હવાઈ હુમલા કરતાં લેબેનોનમાં વળતા હુમલા થયા છે, તો હુથી બળવાખોરોએ ઈરાનના સમર્થનમાં દરિયાઈ વ્યવહારને નિશાન બનાવવાની ચીમકી આપી છે. આમ આ ગૂંચવાયેલાં ચિત્રમાં જંગના વધતા જતા વ્યાપને નાથવાનો કોઈ માર્ગ હાલ તુરત તો જણાતો નથી. આરબ દેશોને નિશાન બનાવતાં દુનિયાની સામે આર્થિક જોખમ પણ ઊભું થઈ ચૂક્યું છે. હોર્મુઝની સમુદ્રધુની બંધ થતાં દરિયાઈ વ્યવહાર રુંધાયો છે, પણ ક્રૂડ તેલ અને કુદરતી ગેસના ભાવો પણ ભડકે બળી રહ્યા છે. તેલના ભાવોમાં સોમવારે દસ ટકા જેટલો અને યુરોપમાં કુદરતી ગેસના ભાવોમાં ૨૨ ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. દુનિયાના દેશોનાં અર્થતંત્રને ખોરવી નાખે તેવા આ ભાવોમાં હજી વધારાનું વલણ રહેશે તો ભારત સહિતના વિકસતા રાષ્ટ્રો માટે આર્થિક પડકાર ઊભો થઈ શકે તેમ છે. ભારતને સંબંધ છે ત્યાં સુધી આરબ દેશો સાથે સીધો વેપાર અને ઈરાનના આક્રમક જવાબથી દુનિયામાં વધતો ઉચાટવાસન વ્યવહાર ધરાવતા ભારતીયો હવાઈ અને દરિયાઈ માર્ગો બંધ થતા અટવાઈ ગયા છે.

### ફ્રાંસથી જેટ, ઈઝરાયેલથી ડ્રોન અને રશિયાથી મિસાઈલો ખરીદી

# સુદર્શન ચક્ર તૈયાર કરી રહ્યું છે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : ભારતને હવે એ વાતનો અહેસાસ થઈ ગયો છે કે યુદ્ધ સમયે કોઈ મદદ કરવાનું નથી. એ માટે રશિયાથી સૌથી શક્તિશાળી એસ-૪૦૦ સુદર્શન સ્કવોર્ડ ખરીદી રહ્યું છે. જે ઓપરેશન સિંદુરમાં અતિ સફળ રહ્યું હતું. ફ્રાંસ પાસેથી જીઝ્ઝ્ઝ ક્રૂઝ મિસાઈલ, રાફેલ મટે મેટિયોર એર ટુ એર મિસાઈલ અને ઈઝરાયેલ પાસેથી બરાક ૮ મિસાઈલો ખરીદી રહ્યું છે. આ સિવાય સ્વદેશી આકાશ ઊઈ-જીછસ્સાથે મળીને મલ્ટિ લેયર ડિફેન્સ સિસ્ટમ બનાવી રહ્યું છે. ભારત આકાશમાં એક સુદર્શન ચક્ર બનાવવા માગે છે. જેને ભેદવું દુશ્મન દેશો માટે અશક્ય બની જાય.

ઈરાનમાં ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે ખાડી દેશોમાં હાલમાં તણાવનો માહોલ છે. ભારત પણ હવે યુદ્ધના માહોલમાં પાછળ રહેવા માગતું નથી. ભારતે પોતાની હવાઈ સુરક્ષાને મજબૂત બનાવવા માટે જબરદસ્ત પગલાં ભરવાના શરૂ કરી દીધા છે.

જે પ્રમાણે ઈરાનની બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન ખાડી દેશોમાં ખાબકી રહ્યાં છે એ જોતાં ભારત માટે પણ આ ખતરાની ઘંટડી છે. હાલમાં જ ભારતે એસ-૪૦૦ સુદર્શન એર ડિફેન્સ સિસ્ટમની ૫ વધારે સ્કવોર્ડન ખરીદવાની યોજના બનાવી છે.

ભારતે પહેલાં ૨૦૧૮માં રશિયાએ પાંચ સ્કવોર્ડન જી-૪૦૦ની ખરીદી કરી હતી. જેમાંથી ૩ ડિલિવર થઈ ચૂક્યા છે. બાકી ૨૦૨૬-૨૭માં બીજા ૫ વધારાના સ્કવોર્ડન ખરીદીને ભારત પોતાની હવાઈ સુરક્ષા બમણી કરવા માગે છે. આ સિસ્ટમ પૂર્વ અને પશ્ચિમ બંને મોરચા પર તૈનાત કરાશે.

જી-૪૦૦ સુદર્શન સિસ્ટમ દુનિયામાં સૌથી બેસ્ટ એર ડિફેન્સ સિસ્ટમમાંની એક છે. આ ૪૦૦ કિલોમીટર દૂરથી દુશ્મનના વિમાન, ડ્રોન અને ક્રૂઝ મિસાઈલ સહિત બેલેસ્ટિક મિસાઈલને તોડી પાડે છે. ગયા વર્ષે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષમાં જી-૪૦૦ સિસ્ટમે પાકિસ્તાનને ભારતની બોર્ડર ક્રોસ કરવા દીધી ન હતી.

આ ઓપરેશનમાં ભારતે પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ પર હુમલાઓ કર્યા હતા. જી-૪૦૦એ PAK લડાકુ વિમાન અને ડ્રોનને ભારતની સરહદ ઓળંગવા દીધા ન હતા. આ સિસ્ટમ એ ભારતની હવાઈ રક્ષા માટે ગેમ ચેન્જર સાબિત થઈ ચૂકી છે. ચીનના HQ-૯ જેવી સિસ્ટમ ઈરાન અને ઈઝરાયેલના સંઘર્ષમાં ફેલ સાબિત થઈ છે. ભારત માટે રશિયાની આ ડિફેન્સ સિસ્ટમ એ મોટો આધાર બની ગઈ છે.

ભારતે ફ્રાંસ પાસેથી લાંબા અંતરને ટાર્ગેટ કરતી SCALP ક્રૂઝ મિસાઈલ મોટી સંખ્યામાં ખરીદવાની તૈયારીઓ કરી છે. ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેનાના રાફેલે SCALP અને બ્રહ્મોસ મિસાઈલોનો ઉપયોગ કરીને પાકિસ્તાનના જૈશ એ મહોમ્મદ અને લશ્કરે તૈયબાના ઠેકાણા ઉડાડી દીધા હતા.

આ હુમલાઓ એટલા સટિક હતા કે મુરિદકે અને બહાવલપુરમાં લક્ષ્યાંકો ધ્વસ્ત થઈ ગયા હતા. હવે ભારતીય વાયુસેના અને નૌ સેના માટે વધારે SCALP મિસાઈલો ખરીદવાની ડીલ ચાલી રહી છે. જેની કિંમત લગભગ ૩૦૦ મિલિયન યૂરો છે.

આ ડીલ ભારતની સ્ટેન્ડ ઓફ એટેકની ક્ષમતાને વધારશે. ભારતીય વાયુસેના રાફેલ માટે મેટિયોર એર ટુ એર મિસાઈલ ઓર્ડર કરવાની પ્રક્રિયા કરી રહ્યું છે. મેટિયોર બિયોન્ડ વિઝ્યૂઅલ રેન્જ મિસાઈલની ક્ષમતા ૧૫૦ કિલોમીટરની છે. જે દૂરથી પણ ફાયટર જેટને ઉડાવી શકે છે.

# મોદીની ઓમાન-કુવૈતના નેતાઓ સાથે વાતચીત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષને પગલે પશ્ચિમ એશિયાની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિડલ ઈસ્ટના પ્રમુખ દેશોના નેતાઓ સાથે શ્રેણીબદ્ધ ટેલિફોનિક વાતચીત કરીને શાંતિ અને ભારતીય સમુદાયની સુરક્ષા અંગે ચર્ચા કરી છે. વડાપ્રધાન મોદીએ આજે (૩ માર્ચે) ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અને કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબા અલ-ખાલિદ સાથે અલગ-અલગ વાતચીત કરી હતી. પીએમ મોદીએ આ દેશો પર થઈ રહેલા હુમલાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. ખાસ કરીને ત્યાં વસતા લાખો ભારતીયોની સલામતી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ અગાઉ બીજી માર્ચના રોજ વડાપ્રધાન મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને બહેરીનના કિંગ હમદ બિન ઈસા અલ ખલીફા સાથે વાત કરી હતી. સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથેની વાતચીત બાદ પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયાના સાર્વભૌમત્વ અને અખંડતાના ઉલ્લંઘન સમાન હુમલાઓની ભારત સખત ટીકા કરે છે. તેમણે બહેરીનના રાજાને પણ ખાતરી આપી હતી કે ભારત આ મુશ્કેલ સમયમાં બહેરીનની જનતા સાથે અડગ ઊભું છે. પીએમ મોદીએ બીજી માર્ચે જોર્ડનના કિંગ અબ્દુલ્લા દ્વિતીય સાથે પણ વાત કરી હતી. પીએમએ જોર્ડન સ્થિત ભારતીય સમુદાયનું ધ્યાન રાખવા બદલ રાજાનો આભાર માન્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાની પુનઃસ્થાપના અત્યંત મહત્વપૂર્ણ છે અને ભારત આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સાર્વભૌમત્વના સમર્થનમાં છે. નોંધનીય છે કે, પશ્ચિમ એશિયામાં અંદાજે એક કરોડ ભારતીયો વસે છે, જેમની સુરક્ષા ભારત સરકાર માટે હાલ સૌથી મોટી પ્રાથમિકતા છે.

# ઈન્ડોનેશિયામાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈન્ડોનેશિયા,તા.૩ : વિશ્વભરમાં ભૂકંપની વધતી જતી ઘટનાઓ વચ્ચે મંગળવારે ઈન્ડોનેશિયા ફરી એકવાર કુદરતી આપત્તિનો ભોગ બન્યું છે. મંગળવારે સવારે ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ નજીક અત્યંત શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, મંગળવારે સવારે ભારતીય સમય મુજબ અંદાજે ૧૦:૨૬ વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૨ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી માત્ર ૨૦ કિલોમીટર નીચે હતું, જે પ્રમાણમાં ઓછી ઊંડાઈ ગણાય છે. ઊંડાઈ ઓછી હોવાને કારણે આંચકાની તીવ્રતા વધુ અનુભવાઈ હતી.

ભૂકંપનું ઉદ્ગમ સ્થાન સુમાત્રા ટાપુ નજીક દરિયાઈ વિસ્તારમાં હતું. ઉલ્લેખનીય છે કે ઈન્ડોનેશિયા પેસિફિક મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' પર સ્થિત છે. આ એક એવો ભૌગોલિક વિસ્તાર છે જ્યાં અનેક ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે અથડાય છે, પરિણામે અહીં વારંવાર ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ જેવી ઘટનાઓ બનતી રહે છે.

રાહતની વાત એ છે કે આટલી મોટી તીવ્રતા હોવા છતાં, હજુ સુધી કોઈ મોટી જાનહાનિ કે ઈમારતો ધરાશાયી થવાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં નજર રાખવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી તુર્કી અને સીરિયા જેવા દેશોમાં આવેલા વિનાશક ભૂકંપને કારણે લોકોમાં આ કુદરતી આફત પ્રત્યે ભારે સંવેદનશીલતા અને ડર જોવા મળી રહ્યો છે.

# ઈરાનમાં ૪.૩ તીવ્રતાનો ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકા બાદ ઈરાનમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપ ઈરાનના ગેરાશ વિસ્તારમાં આવ્યો છે. અમેરિકન જિયોલોજિકલ સર્વે(USGS)એ કહ્યું કે, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૦ કિલોમીટર ઊંડે હતું.

ગેરાશ ઈરાનના ફાર્સ વિસ્તારમાં આવેલું એક શહેર છે. ઈરાન દુનિયાના સૌથી ભૂકંપીય સક્રીય દેશોમાંથી એક છે, કારણ કે અહીં અરેબિયન પ્લેટ અને યુરેશિયનની ટક્કરથી જાગ્રોસ ફોલ્ટ થ્રસ્ટ બેલ્ટ બનેલો છે. ગેરાશ આ બેલ્ટનો ભાગ છે.

આ વિસ્તારમાં ૪થી ૫ મેગ્નિટ્યૂટનો ભૂકંપ સામાન્ય છે. જોકે, યુદ્ધ વચ્ચે આવેલા ભૂકંપને એક્સપર્ટ શંકાની નજરે જોઈ રહ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે, ઈરાન પોતાની ન્યુક્લિયર શક્તિનું પ્રદર્શન કરવા માટે ન્યુક્લિયર ટેસ્ટિંગ કરી શકે છે.

ઈરાન સાથે યુદ્ધ વચ્ચે અમેરિકાના નેવાદા વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અમેરિકાની ન્યુક્લિયર ટેસ્ટિંગ સાઈટ પર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુદ્ધની સ્થિતિ વચ્ચે અમેરિકા ન્યુક્લિયર ટ્રાયલ કરતુ હોવાની સંભાવના છે. છેલ્લા કેટલાક દિવસોમાં, યુએસ જીઓલોજિકલ સર્વે(SGS) એ નેવાડામાં આવેલા ટોનોપા ટેસ્ટ રેન્જ, જે 'એરિયા ૫૨' તરીકે ઓળખાય છે, તેની આસપાસ ૧૬ મધ્યમ તીવ્રતાના ભૂકંપ નોંધ્યા છે. આ તમામ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ થી વધુ નોંધાઈ છે. નોંધનીય છે કે 'એરિયા ૫૨' અને તેનું વિશ્વપ્રસિદ્ધ પડોશી મથક 'એરિયા ૫૧', બંને લાંસ વેગાસની ઉત્તરે આવેલા એક વિશાળ સંકુલનો ભાગ છે, જેને 'નેવાડા ટેસ્ટ એન્ડ ટ્રેનિંગ રેન્જ'(NTTR) કહેવામાં આવે છે.

# ખામેનેઈના મોત અંગે મોદી સરકારના મૌન પર સોનિયા ગાંધીનો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩
કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની ટાર્ગેટેડ હત્યાના મામલે મોદી સરકારની ચુપકીદી સામે આકરા પ્રહારો કર્યા છે. એક અખબારમાં લખેલા લેખમાં સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, સરકારનું આ મૌન કોઈ તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ઘટનાથી ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

સોનિયા ગાંધીએ આ મામલે સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની પણ માંગ કરી છે. સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો કે ભારત સરકારે ન તો આ હત્યાની નિંદા કરી છે અને ન તો ઈરાનની સંપ્રભુતાના ઉલ્લંઘન પર કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે. તેમણે નોંધ્યું કે અમેરિકન પ્રમુખ અને ઈઝરાયલ દ્વારા કરાયેલા આ હુમલાઓ બાદ પીએમ મોદીએ શરૂઆતમાં માત્ર ઈરાન દ્વારા યુએઈ પર કરવામાં આવેલી જવાબી કાર્યવાહીની જ ટીકા કરી હતી. સોનિયા ગાંધીના મતે, કોઈ પણ ઔપચારિક યુદ્ધની જાહેરાત વિના કોઈ રાષ્ટ્રાધ્યક્ષની હત્યા કરવી એ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું ઉલ્લંઘન છે અને જો ભારત જેવો લોકશાહી દેશ આના પર વાંધો ન ઉઠાવે તો આંતરરાષ્ટ્રીય ધોરણો જોખમાશે.

# ભારતે ૫,૦૮૩ કરોડ રૂપિયાની ૨ મહત્વની ડિફેન્સ ડીલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : ૩ માર્ચના રોજ સંરક્ષણ મંત્રાલયે કુલ ૫,૦૮૩ કરોડ રૂપિયાની બે મહત્વપૂર્ણ ડિફેન્સ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ ડીલ ભારતીય કોસ્ટ ગાર્ડ માટે એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર અને ભારતીય નૌકાદળ માટે એડવાન્સ્ડ મિસાઈલ સિસ્ટમની ખરીદી સાથે સંબંધિત છે. આ ડીલ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, બેંગલુરુ સાથે ૨,૯૦૧ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ ભારતીય કોસ્ટ ગાર્ડને ૬ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર ALH Mk-III (મેરીટાઈમ રોલ) મળશે. આ સોદો બાય સિરિઝ હેઠળ કરવામાં આવ્યો છે, એટલે કે આ હેલિકોપ્ટર ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવ્યા છે. આ ટ્વીન-એન્જિન હેલિકોપ્ટર અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે અને વિવિધ પ્રકારના દરિયાઈ સુરક્ષા મિશન કરવા સક્ષમ છે.

આ હેલિકોપ્ટર જમીન પરના હવાઈ મથકો તેમજ દરિયામાં તૈનાત જહાજો પરથી સંચાલન કરી શકશે. તેમની તૈનાતી કોસ્ટ ગાર્ડની ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે. આ પ્રોજેક્ટમાં ૨૦૦થી વધુ MSME એકમો ભાગ લેશે અને આશરે ૬૫ લાખ માનવ-કલાકો રોજગાર ઉત્પન્ન થવાની અપેક્ષા છે.

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ

### પર્સિયન ગલ્ફને વૈશ્વિક બજારો સાથે જોડતા આ માર્ગના બંધ થવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થવાની સંભાવના છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩
અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ અને મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ સોમવારે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણ રીતે બંધ કરવાની જાહેરાત કરી હતી. સૈન્યએ ચેતવણી આપી હતી કે સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરનાર કોઈપણ જહાજમાં આગ લગાવી દેવામાં આવશે. IRGCના આ નિર્ણયથી મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધ્યો છે અને વૈશ્વિક યુદ્ધનું જોખમ વધ્યું છે. ઈરાનના સરકારી મીડિયા અનુસાર, IRGC કમાન્ડર-ઈન-ચીફના વરિષ્ઠ સલાહકાર બ્રિગેડિયર જનરલ સરદાર ઈબ્રાહિમ જબારીએ સોમવારે સ્ટ્રેટ બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈરાની સૈન્યએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે સ્ટ્રેટમાંથી પસાર થતા કોઈપણ જહાજને આગ લગાવી દેવામાં આવશે. જબારીએ કહ્યું હતું કે, "હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે. જો કોઈ તેને પાર કરવાનો પ્રયાસ કરશે તો અમારા ગાર્ડ્સ અને નૌકાદળના કર્મચારીઓ તે જહાજોને આગ લગાવી દેશે." હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા કેન્દ્રોમાંનું એક છે, જે વૈશ્વિક તેલ વપરાશનો લગભગ પાંચમો ભાગ તે માર્ગથી સપ્લાય થાય છે અને પર્સિયન ગલ્ફને ઓમાનના અખાત સાથે જોડે છે. સાઉદી અરેબિયા, કુવૈત, ઈરાક, કતાર, બહેરીન અને યુએઈમાંથી તેલ અને ગેસ આ સાંકડા સામુદ્રધુની દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચે છે. આ પુરવઠો મોટાભાગનો એશિયન દેશોમાં જાય છે, જેમાં ચીનનો પણ સમાવેશ થાય છે. યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા અને યુએઈ પાસે વૈકલ્પિક પાઈપલાઈન માર્ગો હોવા છતાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા મોટાભાગના ઉર્જા ભંડારો પાસે આ પ્રદેશમાંથી બહાર નીકળવાનો કોઈ યોગ્ય વિકલ્પ નથી.

# મિડલ ઈસ્ટ યુદ્ધમાં ઈઝરાયલનો ડબલ એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : મધ્ય-પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે ભયાનક વળાંક લઈ રહ્યું છે. ઈઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ હવે ઈરાન સાથે સીધી જંગ શરૂ થઈ ગઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સીસ (IDF)એ સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તેમની વાયુસેનાએ ઈરાનની રાજધાની તેહરાન અને લેબનોનની રાજધાની બૈરુત પર એકસાથે મોટા પાયે હુમલા શરૂ કર્યા છે. IDF એ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આ ઓપરેશન ઈરાની શાસન અને હિઝબુલ્લાહ આતંકી સંગઠનના સૈન્ય ઠેકાણાઓ તેમજ કમાન્ડ સેન્ટરોને નષ્ટ કરવા માટે કરવામાં આવી રહ્યું છે. અહેવાલો અનુસાર, તેહરાન પર કરવામાં આવેલી એર સ્ટ્રાઈકમાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC)ના ૫ સભ્યો માર્યા ગયા છે. ઈઝરાયલની આ વ્યૂહનીતિ હેઠળ બૈરુતના દક્ષિણી વિસ્તારો અને ડઝનબંધ ગામોમાં લોકોને પહેલાથી જ વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. નેતન્યાહૂ સરકારના આ આક્રમક વલણને કારણે સમગ્ર મધ્ય-પૂર્વમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે અને ગમે ત્યારે મોટું યુદ્ધ થઈ શકે છે.

બગડતી સુરક્ષા સ્થિતિને જોતા અમેરિકાએ પણ સતર્કતા વધારી દીધી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા બહેરીન, ઈરાક અને જોર્ડન સ્થિત પોતાની પોસ્ટ પરથી બિન-જરૂરી સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક હટી જવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના આ સંઘર્ષની અસર હવે પડોશી દેશો પર પણ જોવા મળી રહી છે, જેને પગલે અમેરિકાએ સુરક્ષાના કારણોસર આ મોટો નિર્ણય લીધો છે.

# ભારત પાસે ૨૫ દિવસનો ક્રૂડ ઓઈલ સ્ટોક

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,તા.૩ઃ અમેરિકા-ઈઝરાયલના હવાઈ હુમલા બાદ ઈરાન સાથે વધતા તણાવ અને મધ્ય-પૂર્વમાં ફાટી નીકળેલા યુદ્ધ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સરકારી સૂત્રોએ દાવો કર્યો કે, ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠા બાબતે ભારત હાલ સુરક્ષિત સ્થિતિમાં છે. સુત્રોએ દાવો કર્યો કે, "ક્રૂડ ઓઈલ, LPG અને LNG ના સંદર્ભમાં આપણે અત્યારે ઘણી સારી સ્થિતિમાં છીએ. આપણી પાસે ક્રૂડ ઓઈલનો ૨૫ દિવસનો રિઝર્વ સ્ટોક છે અને અન્ય ૨૫ દિવસનો સ્ટોક ટ્રાન્ઝિટમાં (આવી રહ્યો) છે."

ગત્ત મહિને તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, ભારતનો વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ વૈશ્વિક ઉથલપાથલના સમયે ૭૪ દિવસની માંગને પૂરી કરી શકે તેટલો સક્ષમ છે. તેમણે ઉમેર્યું કે, "અમે અમારા અનામત જથ્થાની ગણતરી માત્ર સ્ટોરેજ ગુફાઓ માં જ નહીં પરંતુ રિફાઈનરીઓમાં રહેલા જથ્થાના આધારે પણ કરીએ છીએ."

વિશ્વના કુલ તેલ પરિવહનનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તે 'હોર્મુઝની ખાડી' ઈરાને બંધ કરી દેતા ઉર્જા સંકટની આશંકા વધી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સલાહકાર ઈબ્રાહિમ જબ્બારીએ સત્તાવાર જાહેરાત કરી છે કે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દેવામાં આવી છે. ઈરાને ચેતવણી આપી છે કે, જે પણ પસાર થવાનો પ્રયત્ન કરશે તેને અમારી નેવી દ્વારા તબાહ કરી દેવામાં આવશે. વધુમાં કહ્યું કે, "અમે આ પ્રદેશની પાઈપલાઈન્સ પણ નિષ્ક્રિય કરી દઈશું અને તેલની નિકાસ થવા દઈશું નહીં. અમે તેલનું એક ટીપું પણ પહોંચવા દઈશું નહીં."

હોર્મુઝની ખાડીમાં સામાન્ય રીતે દરરોજ ૧૦૦ થી વધુ જહાજો પસાર થાય છે, પરંતુ રવિવારે માત્ર ૩ અને સોમવારે માત્ર ૧ ટેન્કર પસાર થઈ શક્યું હતું. ખાડી પાર કરવાનો પ્રયાસ કરી રહેલા ઓછામાં ઓછા ૬ જહાજો પર હુમલો કરવામાં આવ્યો છે. હાલમાં આ ખાડીની બંને બાજુ ૭૦૦ થી વધુ ટેન્કરો અટવાયેલા છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈ અને સૈન્ય નેતૃત્વના હવાઈ હુમલામાં મોત બાદ ઈરાને આ કડક પગલું ભર્યું છે. જેના કારણે અત્યાર સુધીમાં લગભગ ૯૦% ક્રૂડ ટ્રાફિક અટકી ગયો છે.

# અફઘાન સેનાનો પાક.ની ૨૫ ચોકીઓ પર કબજો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : દક્ષિણ એશિયાના બે પડોશી દેશો, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા પાંચ દિવસથી સરહદ પર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાન વિરુદ્ધ અત્યાર સુધીનો સૌથી મોટો સૈન્ય હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ સંઘર્ષમાં અફઘાન સેનાએ પાકિસ્તાનની ૨૫ થી વધુ લશ્કરી ચોકીઓ પર કબજો જમાવી લીધો છે અને દાવો કર્યો છે કે આ કાર્યવાહીમાં ૧૦૦ થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાનની સરહદની અંદર કથિત આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલા કર્યા હતા. તેના જવાબમાં, અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે ૨,૬૦૦ કિલોમીટર લાંબી ડ્યુરન્ડ લાઈન પર પાકિસ્તાની લશ્કરી મથકોને નિશાન બનાવીને ભીષણ ગોળીબાર શરૂ કર્યો. અફઘાન દળોએ ખોસ્ત, જલાલાબાદ, કંદહાર અને પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાની સેનાને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

અફઘાનિસ્તાનના સત્તાવાર સૂત્રો અને 'ટોલો ન્યૂઝ' ના અહેવાલ મુજબ, કંદહાર પ્રાંતના સ્પિન બોલ્ડક અને શોરાબાક જિલ્લાઓમાં પાકિસ્તાની ચોકીઓ હવે અફઘાન સેનાના નિયંત્રણ હેઠળ છે. અફઘાન સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઈનાયતુલ્લાહ ખોવરાઝમીએ જણાવ્યું કે પક્તિકા પ્રાંતમાં અફઘાન પ્રદેશ પર ગોળીબાર કરી રહેલી પાકિસ્તાનની એક આધુનિક બખ્તરબંધ ટેન્કને પણ ફૂંકી મારવામાં આવી છે.

# BJPએ રાજ્યસભાની ચૂંટણી માટે ૯ ઉમેદવાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩ : ભારતીય જનતા પાર્ટીએ રાજ્યસભા ચૂંટણી માટે તેના નવ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે તેના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનને પણ મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે બિહારથી નીતિન અને શિવેશ રામને ઉમેદવાર બનાવ્યા છે. ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૫ માર્ચ છે. ૧૫ માર્ચે મતદાન થવાનું છે અને તે જ દિવસે મતગણતરી પણ થશે.

ભાજપે છ રાજ્યોમાંથી રાજ્યસભાના નવ ઉમેદવારોના નામ જાહેર કર્યા. જોકે, પાર્ટીએ હજુ સુધી મહારાષ્ટ્રના ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. પાર્ટીએ હરિયાણાથી સંજય ભાટિયા અને પશ્ચિમ બંગાળથી રાહુલ સિંહાને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે છત્તીસગઢથી લક્ષ્મી વર્મા અને ઓડિશાથી પ્રદેશ પ્રમુખ મનમોહન શામલ અને સુજીત કુમારને ઉમેદવાર બનાવ્યા છે. તારશ ગોવાલા અને જગનમોહનને આસામથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બિહારમાં, ૨૦૨૬ ની રાજ્યસભાની ચૂંટણીઓ પૂરજોશમાં ચાલી રહી છે. બિહારના પાંચ રાજ્યસભા સભ્યો જેમનો કાર્યકાળ એપ્રિલમાં સમાપ્ત થાય છે તેમાં ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ, પ્રેમચંદ ગુપ્તા, કેન્દ્રીય મંત્રી રામનાથ ઠાકુર, અમરેન્દ્ર ધારી સિંહ અને ઉપેન્દ્ર કુશવાહાનો સમાવેશ થાય છે. હરિવંશ નારાયણ સિંહ અને રામનાથ ઠાકુર જેડીયુમાંથી છે, પ્રેમચંદ ગુપ્તા અને અમરેન્દ્ર ધારી સિંહ આરજેડીમાંથી છે, અને ઉપેન્દ્ર કુશવાહા રાષ્ટ્રીય લોક મોરચાનું

# ખાડી દેશોમાં યુદ્ધ વચ્ચે ફસાયેલા ભારતીયો માટે IMAએ જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,તા.૩ : અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અસર અનેક ખાડી દેશો પર પડી રહી છે. કુવૈત, ઓમાન, સાઉદી અરેબિયા, બહેરીન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) માં પરિસ્થિતિ વણસી છે. આ દેશોમાં લાખો ભારતીય નાગરિકો ફસાયેલા છે. જેમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ના કેટલાક સભ્યો પણ સામેલ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીય નાગરિકો રહે છે, જેઓ ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને કારણે કોઈને કોઈ રીતે પ્રભાવિત થયા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને (IMA) જણાવ્યું કે, તે આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત લોકોની સાથે છે. જરૂરિયાતમંદ લોકો સંબંધિત દેશોમાં ભારતીય દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવેલા ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત, IMA ના સભ્યો સહાય માટે ઓનરરી ફાઈનાન્સ સેક્રેટરી ડૉ. પીયૂષ જૈનનો પણ સંપર્ક કરી શકે છે. IMA એ તમામ લોકોને શાંત રહેવા અને આ સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અપીલ કરી છે.
જેથી જરૂરિયાતમંદોને સમયસર મદદ મળી રહે. ભારતીય દૂતાવાસના ઈમરજન્સી સંપર્ક નંબરોઃ

કુવૈતઃ ફોનઃ +૯૬૫-૬૫૫૦૧૯૪૬

ઓમાનઃ ફોનઃ +૯૬૮-૯૮૨૮૨૨૭૦, ૮૦૦૭૧૨૩૪ (ટોલ ફ્રી)

સાઉદી અરેબિયાઃ ફોનઃ ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮, ૮૦૦૨૪૭૧૨૩૪ (ટોલ ફ્રી, ફક્ત વોટ્સએપ)

બહેરીનઃ ફોનઃ ૦૦૯૭૩-૩૯૪૧૮૦૭૧

સંયુક્ત આરબ અમીરાત (UAE):ફોનઃ ૮૦૦-૪૬૩૪૨ (ટોલ ફ્રી), +૯૭૧૫૪૩૦૯૦૫૭૧

પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીય નાગરિકો પ્રભાવિર્ત.

# ઈરાનના રાષ્ટ્રપતિ ભવન પર ઈઝરાયલનો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈરાન,તા.૩ : ઈઝરાયલે ઈરાન સામે કરેલું યુદ્ધ ભીષણ તબક્કામાં પહોંચી ચૂક્યું છે. ઈઝરાયલના સુરક્ષા દળોએ (IDF) ૩ માર્ચે કબૂલ્યું હતું કે, 'અમે ઈરાનના રાષ્ટ્રપતિ ભવન સહિતના મુખ્ય મથકો પર એર સ્ટ્રાઈક કરી છે.' ઈઝરાયલે આ સ્થળને ઈરાની શાસનનું 'સૌથી મહત્ત્વનું અને કેન્દ્રીય મુખ્યાલય' ગણાવ્યું હતું. બીજી તરફ ઈરાનની સરકારી મીડિયાના દાવા મુજબ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ૧૩૧થી વધુ શહેરોમાં થયેલા હુમલામાં અત્યાર સુધી ૭૮૭ લોકોના મોત થયા છે. ઈરાને 'ઝાયોનિસ્ટ-અમેરિકન આતંકવાદી હુમલો' ગણાવ્યો છે.

ઈરાનની રાજધાની તેહરાનની મધ્યમાં આવેલા રાષ્ટ્રપતિ ભવન (પ્રેસિડેન્શિયલ ઓફિસ) અને સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલની ઈમારત પર ઈઝરાયલે મિસાઈલ હુમલા અને બોમ્બમારો કરાયો હતો.

આ હુમલામાં ઈઝરાયલે સુરક્ષા અને વ્યૂહનીતિ ઘડતી તમામ ઓફિસો, સૈન્ય અધિકારીઓને તાલીમ આપતી સંસ્થાઓ અને અન્ય મહત્ત્વની માળખાગત સુવિધાને પણ નિશાન બનાવી હતી. ઈઝરાયલે દાવો કર્યો હતો કે, આ ઈમારતોમાં બેસીને જ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને ઈઝરાયલના વિનાશની યોજનાઓ ઘડાતી હતી. આ હુમલાથી ઈરાનના કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમને મોટું નુકસાન પહોંચ્યું છે.

ઈઝરાયલ-અમેરિકાના સંયુક્ત હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોત બાદ ઈરાને નવ દેશોમાં અમેરિકાના મિલિટરી બેઝ પર હુમલા કર્યા હતા. ઈરાને ૩ માર્ચે પણ રિયાધમાં અમેરિકન દૂતાવાસ પર ડ્રોન હુમલો કર્યો હતો, જ્યારે કુવૈતમાં પણ અમેરિકી દૂતાવાસને કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પડી હતી. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, હવે આ સંઘર્ષ લાંબો સમય ચાલી શકે છે.

## કાકડકોપરમાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે હોલિકા દહન કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૦૩ :** નાનાપોંઢા તાલુકાના કાકડકોપર ગામે હર્ષોલ્લાસ અને ધાર્મિક ભાવનાના માહોલ વચ્ચે હોળી પર્વની ઉજવણી અંતર્ગત હોલિકા દહન કાર્યક્રમ યોજાયો હતો. આ પાવન પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે વિધિવત પૂજા-અર્ચના કરીને હોલિકા દહન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ 'હોળી હૈ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

હોલિકા દહન પૂર્વે વેદમંત્રોચ્ચાર સાથે ધાર્મિક વિધિઓ સંપન્ન થઈ હતી. બાદમાં ગ્રામજનો અને ભાવિક ભક્તોએ પરંપરા મુજબ હોળી પાસે જઈ પગે લાગી શ્રદ્ધાભાવે શ્રીફળ અર્પણ કરી પોતાની મનોભાવનાઓ વ્યક્ત કરી હતી. ભક્તોએ પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે પ્રાર્થનાઓ કરી હતી. આખા ગામમાં માત્ર એક જ હોળી પ્રજ્વલિત કરવામાં આવી હતી, જે ગામની એકતા, સમરસતા અને સામૂહિક શક્તિનું પ્રતીક બની રહી હતી. નાના-મોટા, યુવાનો અને વડીલો સૌએ મળીને ઉત્સવની ઉજવણી કરી સામાજિક એકરૂપતાનું સુંદર દૃશ્ય રજૂ કર્યું હતું. ધારાસભ્યએ પોતાના સંબોધનમાં હોળી પર્વની મહત્તા સમજાવી સૌને પ્રેમ, સૌહાર્દ અને ભાઈચારા સાથે જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ભવ્ય રીતે પૂર્ણ થયો હતો.

## પારડીનાં યુવાને ગળે ફાંસો કરી આત્મહત્યા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૩ :** પારડી તાલુકાના કોલક ગામ સાકરીકાંઠા ફળિયામાં રહેતા અને મૂળ પારડીના યુવાને અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ યુવાને પોતાનું જીવન ટુંકાવી આત્મહત્યા કરી છે. પારડી બાલાખાડી બંદર ફળિયા, નિવાસી હિરલભાઈ સુરેશભાઈ પટેલ (ઉ.વ.૨૯) છેલ્લા બે વર્ષથી કોલક ગામે સગાઈ કરેલ સ્થળે અવરજવર કરતા હતાં. ગત તા.૦૧/૦૩/૨૦૨૬ના રોજ રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે ઘરેથી બહાર નીકળ્યા બાદ તેઓ મોડી રાત્રે પરત ન આવતા પરિવારજનો અને મિત્રો દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી.

શોધખોળ દરમિયાન અશ્વિનભાઈ કાંતીભાઈ પટેલના ઘર પાસે આવેલા આંબાના ઝાડ સાથે નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં હિરલભાઈ લટકતા જોવા મળ્યા હતાં. મિત્રો દ્વારા તરત જ તેમને નીચે ઉતારી ખાનગી વાહનમાં પારડી સ્થિત ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ રાત્રે ૦૧:૦૭ કલાકે તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં પારડી પોલીસ હોસ્પિટલ ખાતે પહોંચી લાશનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે પારડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. મૃતકના પરિવારજનોએ મોત અંગે કાયદેસરની તપાસ કરવાની માંગ સાથે જાહેરાત નોંધાવી છે. ત્યારે પારડી પોલીસે આકસ્માતમાં દાખલ કરી આ બાબતની વધુ તપાસ કરી છે.

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૮૦/૨૦૨૬

**અરજદાર : અનિલાબેન રામુભાઈ રાઠોડ**
રહે. સોળસુંબા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કલગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અનિલાબેન રામુભાઈ રાઠોડ** રહે. સોળસુંબા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **બુધીબેન નારણભાઈ દુબળાનું** જન્મ/મરણ તા.૧૧-૦૩-૨૦૧૭ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/૨.જી.નં.૮૦/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**ગુજરાત રાજ્ય**
**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**
**ઈ-ટેન્ડર નોટિશ નં.૪૨ સને ૨૦૨૫-૨૬**

(૧) ગુજરાત રાજ્યના મા. રાજ્યપાલશ્રી વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં.૧, મધુબન કોલોની તરફથી વી.આઈ.પી. રેસ્ટાહાઉસ તથા મધુબન કોલોની/ફીલટર પ્લાનને લગત (૪) ચાર કામ જેની અંદાજીત રકમ રૂા.૪.૯૬ લાખથી ૪.૮૬ લાખ સુધીના છે. માટે ગુજરાત સરકારમાં માન્ય ઈજારદાર તરીકે યોગ્ય શ્રેણીમાં માન્ય ઈજારદાર તરીકે નોંધાયેલ ઈજારદારો પાસેથી એસ.બી.ડી. ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે.
આ કામોના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધી તથા ભરેલ ભાવપત્રકો સ્વીકારવાની છેલ્લી તા.૧૭/૦૩/૨૦૨૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધી છે. તો આ ટેન્ડરો તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વિભાગીય કચેરી ખાતે ખોલવામાં આવશે.
નોંધ : એક અગર તો બધા જ ટેન્ડરો સ્વીકારવા કે નકારવાનો અબાધિત હક્ક કાર્યપાલક ઈજનેરશ્રીને રહેશે. જેના માટે કોઈ કારણ આપવામાં આવશે નહી.

**નં.માહિતી/વલસાડ/૯૫૧/૨૦૨૬**




**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

## ધરમપુરના તિસ્કરી તલાટમાં રક્તદાન કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા.૦૩ :** સામાજિક જવાબદારી અને માનવસેવાના ભાવ સાથે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર સહયોગ ગ્રુપ તેમજ ખાવડા જસી પાવર ટ્રાન્સમિશન લિ.ના સંયુક્ત સહયોગથી ધરમપુરના તિસ્કરી તલાટ ગામ, ખાતે રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પાર્થ ટ્રેડર્સ (વાપી), સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ (મુંબઈ) અને રેમ્બો વોરિયર્સ (ધરમપુર) એ પણ આ પહેલને સમર્થન આપ્યું હતું. કેમ્પ દરમિયાન કુલ ૩૫ યુનિટ રક્ત એકત્રિત થયું, જે અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાતા સાબિત થશે.

આ કેમ્પનો મુખ્ય હેતુ સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાનો અને રક્તદાન - મહાદાનના સંદેશને ઘરેઘરે પહોંચાડવાનો હતો. રક્ત એક એવું અમૂલ્ય દાન છે જેનું કોઈ વિકલ્પ નથી. અકસ્માત, સર્જરી, પ્રસૂતિ કે ગંભીર બીમારીઓમાં રક્તની તાત્કાલિક જરૂરિયાત ઊભી થાય છે ત્યારે આવા કેમ્પો સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. કેમ્પમાં સ્થાનિક યુવાનો, સામાજિક આગેવાનો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. દરેક રક્તદાતાને પ્રોત્સાહનરૂપે સ્ટીલની બોટલ અર્પણ કરવામાં આવી હતી, જે પર્યાવરણમૈત્રી સંદેશ સાથે સ્વાસ્થ્ય જાગૃતિનું પ્રતિક પણ છે.

તિસ્કરી તલાટ ગામના સરપંચ દિનેશભાઈ ભોયાએ જણાવ્યું હતું કે, રક્તદાન કેમ્પ ગામ માટે અત્યંત મહત્વપૂર્ણ પહેલ છે. આપણા ગામના યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા તે ગૌરવની વાત છે. આ માત્ર આરોગ્યલક્ષી કાર્યક્રમ નહીં પરંતુ સમાજને એકતાના સૂત્રમાં બાંધતો પ્રયાસ છે. આવાં ઉપક્રમોથી ગામમાં જાગૃતિ વધે છે અને માનવતાની ભાવના મજબૂત બને છે. ભવિષ્યમાં પણ અમે આવા સમાજોપયોગી કાર્યક્રમોને પૂરતો સહકાર આપીશું. કંદર્પ પાંડે, પ્રોજેક્ટ હેડ - વલસાડ, ખાવડા જ સી પાવર ટ્રાન્સમિશન લિ. એ જણાવ્યું હતું કે, સમાજના આરોગ્ય અને કલ્યાણ માટે કાર્ય કરવું અમારી પ્રાથમિકતાઓમાં સામેલ છે. રક્તદાન જેવી પહેલો દ્વારા અમે સ્થાનિક સમુદાય સાથે મજબૂત જોડાણ સ્થાપિત કરીએ છીએ. ૩૫ યુનિટ રક્ત એકત્રિત થવું એ દર્શાવે છે કે ગામલોકોમાં સેવા ભાવના જીવંત છે.

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૭૯/૨૦૨૬

**અરજદાર : ચેટલ સુભાષભાઈ ભંડારી**
રહે. ભાઠી - કરમબેલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ભાઠી - કરમબેલી**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠી - કરમબેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચેટલ સુભાષભાઈ ભંડારી** રહે. ભાઠી-કરમબેલી તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **સુભાષભાઈ ઠાકોરભાઈ ભંડારીનું** જન્મ/મરણ તા.૧૬-૦૭-૨૦૧૧ના રોજ મોજે - ભાઠી-કરમબેલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/૨.જી.નં.૭૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૭૯/૨૦૨૬**

**અરજદાર : સંકેતભાઈ મોહનભાઈ રોહિત**
રોહિત ફળિયા, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મોહનભાઈ છીપકાભાઈ રોહિતનું** મરણ તા.૧૫/૦૫/૧૯૭૫ના રોજ મોજે મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**







**મહિલાઓની કુદરતી ગુલાલ ક્રાંતિ**

## અમદાવાદમાં બીટ, પાલક અને કેસૂડાના સંગાથે માણો કેમિકલમુક્ત હોળીની મજા

**(કમલ શાહ દ્વારા)**
**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૩ :** આજની આધુનિક જીવનશૈલીમાં જ્યારે કેમિકલયુક્ત રંગોના કારણે સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે, ત્યારે અમદાવાદ ખાતે કાર્યરત સુરભીબેનના એક નાના સ્વ-સહાય જૂથની મહિલાઓએ પરંપરાગત અને વૈજ્ઞાનિક પદ્ધતિનો સમન્વય સાધીને કુદરતી રંગો બનાવવાની એક પ્રેરણાદાયી પહેલ કરી છે.

આ જૂથ દ્વારા હોળીના તહેવાર માટે બનાવવામાં આવતા રંગો સંપૂર્ણપણે કુદરતી સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં મુખ્યત્વે આરારોટના લોટનો બેઝ તરીકે ઉપયોગ થાય છે. વિવિધ રંગો મેળવવા માટે તેઓ વિવિધ કુદરતી સ્રોતોનો ઉપયોગ કરે છે.

જેમકે, લાલ રંગ માટે ગુલાબની પાંખડીઓ અને બીટને ક્રશ કરીને તેનો રસ કાઢી તેને લોટમાં મિક્સ કરવામાં આવે છે. પીળો રંગ ગલગોટાના ફૂલ, અમલતાસના ફૂલ અને ચપટી હળદરના મિશ્રણથી તૈયાર થાય છે. લીલો રંગ માટે પાલક, મોરિંગાના પાન અને જરૂર જણાય તો સહેજ ફૂડ કલરનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત કેસરી રંગ કેસૂડાના ફૂલોને ઉકાળી તેના પાણીનો ઉપયોગ કરીને આકર્ષક રંગ તૈયાર કરવામાં આવે છે તથા અપરાજીતાના ફુલ અને ફુડ કલરમાંથી વાદળી રંગ તૈયાર કરવામાં આવે છે. આ રંગોના મિશ્રણને લુગદી જેવું બનાવી, તેને સૂકવીને મિક્સરમાં ડ્રાય કરવામાં આવે છે અને ત્યારબાદ તેને





ચાળીને મુલાયમ ગુલાલ જેવો રંગ તૈયાર કરવામાં આવે છે.

ગયા વર્ષે પણ સુરભીબેનના જૂથ ખૂબ જ સારી સફળતા મેળવી હતી અને ૬૦ થી ૭૦ કિલો જેટલા કુદરતી રંગોનું વેચાણ કર્યું હતું. ઘણી સોસાયટીઓ આ જૂથ પાસેથી હોળી રમવા માટે ૫-૫ કિલો જેટલા જથ્થાબંધ રંગોની માંગ કરે છે. તે જ રીતે આ વર્ષે પણ આ ગ્રુપની બહેનોએ કુદરતી રંગો તૈયાર કર્યા છે. તેઓ એક પેકેટમાં ૧૦૦ ગ્રામ રંગ ભરે છે જે ૫૦ રૂ.માં ગ્રાહકોને આપે છે. આ બહેનોને ગયા વર્ષે રૂ. ૧૦ હજાર જેટલી આવક થઈ હતી તે જ રીતે આ વર્ષે પણ આવક થવાનો અંદાજ છે. આ સ્વ-સહાય જૂથ માત્ર આર્થિક રીતે સક્ષમ નથી બની રહ્યું, પરંતુ ધૂળેટી ઉજવતા રસીકોને કેમિકલમુક્ત તહેવાર ઉજવવા માટે પ્રેરિત પણ કરી રહ્યું છે. સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને કેવી રીતે સફળ વ્યવસાય ઊભો કરી શકાય, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

## નરોડામાંથી ૮૯ લાખની જૂની ચલણી નોટો સાથે બે ઝડપાયા

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૩ :** અમદાવાદની નરોડા પોલીસને જૂની રદ થયેલી નોટોનો મોટો જથ્થો પકડવામાં સફળતા મળી છે. એક ગુપ્ત ઓપરેશનમાં ૮૯ લાખ રૂપિયાની જૂની ચલણી નોટો મળતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. નરોડા પોલીસને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક શંકાસ્પદ કારમાં પ્રતિબંધિત રૂા.૫૦૦ તથા રૂ. ૧૦૦૦ની નોટોની હેરાફેરી થઈ રહી છે. ગેલેક્સી ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને પોલીસે કારમાંથી બે લોકોને રદ થયેલી ચલણી નોટો સાથે ઝડપી લીધા છે. આ નોટો તેમણે કોની પાસેથી મેળવી છે અથવા તે કોને આપવા જઈ રહ્યા હતા તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**નામ બદલ્યું છે**

આથી હું જણાવું છું કે, મારૂ જૂનું નામ **પટેલ ભાવિકાબેન હિરેનકુમાર** હતું જે બદલીને મારૂ નવું નામ **પટેલ ભાવિકા હિરેન** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **પટેલ ભાવિકા હિરેન**
સરનામું : ૧,૩૯/૩૮૭,
જીઆઈડીસી, વાપી, પારડી,
વલસાડ, ગુજરાત-૩૯૬૧૯૫

**NOTICE INVITING TENDER**

Name of work :- "Repairing and Patch work at various Roads in North Zone Silvassa. (7th Call)."

| | |
|---|---|
| Tender Notice No. | :24 of 2025-26 |
| On line downloading start of tender documents | : 02.03.2026 15.00 Hrs |
| Pre Bid Meeting | : --- |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | :-10.03.2026 12.00 Hrs |
| Online Opening of Technical Bid | :-10.03.2026 15.30 Hrs |
| On line opening of Price Bid | :-10.03.2026 16.00 Hrs. (if possible) |
| Tender ID No. | 2026_UTDNH_7941_1 |
| Outward No. | :3-2(18)/PWD.II/Road/123 dt:02.03.2026 |

For details please scan
dnhtenders.gov.in
ee-road-dnh.nic.in
0260 2642041

**NO.: IP/DMN/2/5/2025-26/1205** **DATED : 03/03/2026**

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**
**સેલવાસ નગર પાલિકા**
**નિવિદા આમંત્રણ સૂચના**

**કાર્ય નું નામ:** નારોલી સિલવાસા મુખ્ય માર્ગ પર જાસ એક્ઝોટિકા નજીક કોટાર પર બોક્સ કલ્વર્ટનું વિસ્તરણ અને પાણી પુરવઠા લાઇનનું સ્થળાંતર.

| | |
|---|---|
| ટેન્ડર સૂચના નં. | ૫૫ of ૨૦૨૫-૨૬ |
| ટેન્ડર ID | 2026_UTDNH_7936_1 |
| દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ ૧૮.૦૦વાગ્યે |
| પ્રિ –બિડ મીટિંગ ની તારીખ | ----Nil---- |
| બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૧/૦૩/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |
| બિડ ઓનલાઇન ખુલવાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

Web Site : https://dnhtenders.gov.in
Mail ID: silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611
કોઈપણ અન્ય વિગતો:

**મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ**

**NO.: IP/DMN/2/5/2025-26/1204** **DATED : 03/03/2026**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૯૩૫/૨૦૨૫

**અરજદાર : અમૃતભાઈ મંગળિયાભાઈ ટંડેલ,**
રહે. દાંડી, મહાદેવ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દાંડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમૃતભાઈ મંગળિયાભાઈ ટંડેલ,** રહે.દાંડી, મહાદેવ ફળિયા, તા.જી.વલસાડએ તેમના માતા **શાંતિબેન મંગળિયાભાઈ ટંડેલનું** મરણ તા.૦૯-૦૮-૧૯૯૯ના રોજ મોજે. દાંડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૯૩૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૯૩૪/૨૦૨૫

**અરજદાર : અમૃતભાઈ મંગળિયાભાઈ ટંડેલ,**
રહે. દાંડી, મહાદેવ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દાંડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમૃતભાઈ મંગળિયાભાઈ ટંડેલ,** રહે.દાંડી, મહાદેવ ફળિયા, તા.જી.વલસાડએ તેમના પિતા **મંગળિયાભાઈ ઝીણાભાઈ ટંડેલનું** મરણ તા.૨૪-૧૨-૨૦૧૩ના રોજ મોજે. દાંડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૯૩૪/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**



દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 04, March 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## વાપી હાઈવે પર વેચાણ માટે મૂકેલી જુની ક્રેટા કારની ચોરાઈ

**જીઆઈડીસી ચાર રસ્તાથી સલવાવ સુધીના હાઈવે માર્ગના બંને બાજુ અનેક જુના વાહનો લે-વેચની હાટણીઓ ખુલી જતાં ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં એક જૂની કારના શો-રૂમમાંથી અજાણ્યો તસ્કર હ્યુન્ડાઈ ક્રેટા કાર ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉદવાડાના પ્રજ્ઞેશસિંહ સોલંકીએ દોઢ મહિના પહેલા જ ખરીદેલી ક્રેટા કાર નંબરGJ-12-CG-8066 ને વેચાણ માટે શો-રૂમની બહાર પાર્ક કરી હતી. ૨૮ ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે ૪ વાગ્યાના અરસામાં એક અજાણ્યો ચોર ઈસમ ડુપ્લીકેટ ચાવી અથવા અન્ય સાધન વડે ક્રેટા કારનું લોક તોડી તેને ચાલુ કરી દીધી હતી.

કાર ચોરી થતી જોઈ શો-રૂમ પર હાજર વોચમેને તેને રોકવા માટે જોરજોરથી બૂમો પાડી હતી અને પાછળ દોડ્યો હતો, પરંતુ રીઢો કાર ચોર વોચમેનની અવગણના કરી ગાડી પૂરઝડપે હંકારી નાસી છૂટ્યો હતો. આ અંગેની જાણ થતા કાર માલિકે વાપી જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ મેળવી, ચોર કાર લઈને કઈ દિશામાં ભાગ્યો છે તે જાણવા અને તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. વાપી જીઆઈડીસી જેવા ધમધમતા વિસ્તારમાં ૨૪ કલાક લોકોની અવર-જવર અને જૂની કાર લે વેચ કરતા સ્થળે વોચમેનની હાજરી છતાં થયેલી આ કારની ચોરીએ વેપારીઓ અને લોકોમાં ભારે ચિંતા જગાડી છે.

## વાપીમાં ગ્રહણને કારણે ધૂળેટી ઠેલાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** વાપીમાં આજે ચંદ્રગ્રહણને પગલે મંદિરોના કપાટ બંધ કરાયા હતા તો બપોર બાદ રસ્તાઓ સાવ ખાલી ખમ દેખાયા મોડી રાત્રે ફરીથી રસ્તાઓ ધમધમતા જોવા મળ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ આજે ચંદ્રગ્રહણ હોય આ ગ્રહણના વેદ બપોરે બે કલાકે થી ભરાવાની શરૂઆત થઈ હતી જેને લઈ હિન્દુ ધર્મ અને શાસ્ત્રોકલ માન્યતા મુજબ ગ્રહણના સુતકાળમાં ઊંઝા અર્ચના વર્જિત હોવાથી તેમજ મંદિરોમાં મુખ્ય દરવાજા બંધ કરવામાં આવે છે જેને લઈ વાપી ના દેસાઈ વાડ ત્રણ રસ્તા ખાતે આવેલ હનુમાનજી મંદિર, સિદ્ધનાથ મહાદેવ મંદિર તેમજ શિવ મંદિરો વહેલી સવારથી જ ભક્તોના દર્શન માટે બંધ કરી દેવામાં આવ્યા હતા જોકે આ તમામ મંદિરોને ગ્રહણ છુટ્યા બાદ ગંગાજળ અને દૂધના અભિષેક બાદ ફરીથી પૂજા અર્ચના શરૂ કરવામાં આવશે જોકે આ અંગે મોટાભાગના લોકોએ ગ્રહણને લઈ ગઈકાલે હોળીકા દહન બાદ આજે ધુળેટી નો ઉત્સવ નહીં મનાવ્યો હતો.

## વાપીની જ્ઞાનગંગા શાળામાં તિલક હોળી-ધુળેટીની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** વાપી છીરીમાં આવેલ જ્ઞાનગંગા ઈંગ્લીશ મીડીયમ શાળામાં ભારતીય સંસ્કૃતિના મુખ્ય તહેવાર એવા હોળી-ધૂળેટીની અનોખી રિતે ઉજવણી કરવામાં આવી છે જેમાં શાળામાં અભ્યાસ કરતા ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ, શિક્ષકો તેમજ મેનેજમેન્ટના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં બાળકોને હોળી અને ધુળેટીની ઉજવણી પાછળની જે પ્રહલાદ અને હરિણ્યકશ્યપની જે પૌરાણિક કથા છે તેની માહિતી આપવામાં આવી હતી તેમજ તેનું મહત્વ સમજવામાં આવ્યું હતું.

દરમિયાન શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું તે શાળામાં છેલ્લા દસ વર્ષથી ફૂલોની હોળી અને તિલક ધુળેટીનું આ જ પ્રકારે આયોજન કરવામાં આવે છે જેમાં બાળકો તેમજ શિક્ષકો એકબીજાને ફૂલોથી અને તિલક કરી હોળી-ધુળેટી રમાડવામાં આવે છે. જેનાથી બાળકોને જે આજના યુગમાં હાનિકારક કલરના કારણે આંખોમાં તકલીફ ચામડી એટલે કે સ્કીનમાં ઈન્ફેક્શન તેમજ પાણીનો બગાડ થતો અટકે છે તેમજ જમીનમાં કેમિકલથી જે અસર થાય છે તે આ પ્રકારે હોળી રમવાથી બિલકુલ થતી નથી તેમજ આપણું શરીર તેમજ પ્રકૃતિને નુકસાન થતું અટકાવવા માટે સુંદર મેસેજ પણ આપી શકાય છે તે હેતુસર શાળામાં ફૂલો દ્વારા તેમજ એકબીજાને તિલક કરી રંગોળી રમાડવાનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે બાળકોને હોળીનો તહેવાર શા માટે ઉજવવામાં આવે છે. તે માટે પ્રોજેક્ટર ઉપર ભક્ત પ્રહલાદની સ્ટોરી બતાવવામાં આવી હતી. જેથી આજનું બાળક ભારતીય સંસ્કૃતિથી અવગત કરવામાં મદદરૂપ થઈ શકે.

## પારડીની વૈષ્ણવ હવેલીમાં ડોલ ઉત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૩ :** પારડી સ્થિત વૈષ્ણવ હવેલીમાં ડોલ ઉત્સવ ઉજવાયો હતો. વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ માટે લાલાને લાડ લડાવવા ના વર્ષ દરમ્યાન ઘણા ઉત્સવો આવે છે. પરંતુ ફાગણ હોળી દરમ્યાન કૃષ્ણ ને દાસ ભાવ માં નહીં પણ સખા (મિત્ર) ભાવ સાથે સેવા થાય છે. આ ૪૦ દિવસો દરમ્યાન લાલજી સાથે મિત્રતા ભાવે વૈષ્ણવો હોળી રમે છે. કિર્તન માં પણ મિત્ર ભાવ જોવા મળે છે. પારડી બાલકૃષ્ણ લાલજી હવેલી માં પણ દરેક ઉત્સવ સાથે ડોલ ઉત્સવ (હોળી, ધૂળેટી ) દરમ્યાન વૈષ્ણવો રંગેચંગે એકબીજા સાથે અને હવેલી સ્થિત બાલકૃષ્ણ લાલજી અને નવનિત પ્રિયાજી સ્વરૂપે બીરાજમાન લાલા સાથે હોળી રમી કિર્તન અને રસીયા ગાઈ ડોલ ઉત્સવ ઉજવે છે. આ વર્ષે પણ આજરોજ મોટી સંખ્યામાં વૈષ્ણવો અને નગરજનો એ ડોલ ઉત્સવની ઉજવણી કરી હતી.

## ગણદેવી કોર્ટમાં ચુકાદા પૂર્વે જ આરોપીનું હાર્ટએટેકથી મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૩ :** ગણદેવી નામદાર કોર્ટનાં પ્રથમ માળે મંગળવારે એક કરુણ અને હૃદયસ્પર્શી ઘટના સામે આવી હતી. કોર્ટની તારીખે હાજર રહેવા આવેલા ચીખલી તાલુકાના તલાવચોરા ગામના ૭૨ વર્ષીય વૃદ્ધ સુરેશભાઈ દેવદત્તાભાઈ દેસાઈનું અચાનક હાર્ટ એટેક આવતાં નિધન થયું હતું. કેસ વર્ષ ૨૦૧૮થી ચાલી રહ્યો હતો અને સંભાવતઃ આખરી ચુકાદા તરફ આગળ વધતો હતો.




મળતી માહિતી અનુસાર, ચીખલી તાલુકાના તલાવચોરા ગામે દેસાઈ ફળિયામાં રહેતા સુરેશભાઈ દેવદત્ત ભાઈ દેસાઈ વિરુદ્ધ વર્ષ ૨૦૧૮માં બીલીમોરાના પ્રભાતભાઈ મગનભાઈ દેસાઈએ રૂ. ૫ લાખના લેવડદેવડ સંબંધિત નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. લાંબા સમયથી ચાલી રહેલો આ કેસ અંતિમ નિર્ણયની નજીક પહોંચ્યો હોવાનું જણાવાય છે. મંગળવારે કોર્ટમાં તારીખ હોવાથી સુરેશભાઈ દેસાઈ સવારે સાડા નવ વાગ્યાના અરસામાં ઘરેથી નીકળી કોર્ટ ખાતે પહોંચ્યા હતા. તેઓ કોર્ટના પ્રથમ માળે બાંકડા ઉપર બેઠેલા હતા. સાક્ષીઓના જણાવ્યા મુજબ, આશરે અગિયાર વાગ્યાના અરસામાં તેમને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો તથા ખેંચ અનુભવાતાં બેભાન થયા હતા. તરત જ કોર્ટ પરિસરમાં હલચલ મચી ગઈ હતી. તત્કાળ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને ગણદેવી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડો. નિરવ પટેલે પ્રાથમિક તપાસ બાદ હાર્ટ એટેકને કારણે તેમનું અવસાન થયું હોવાનું જાહેર કર્યું હતું. મૃતકની પૌત્રી રાજલબેન દર્શનભાઈ દેસાઈ (રહે. તલાવચોરા તા.ચીખલી) હોસ્પિટલ દોડી આવી હતી અને દાદાના નિધનના સમાચાર સાંભળતાં જ પરિવાર શોકમગ્ન બન્યો હતો. ગણદેવી પોલીસે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. એક લાંબા સમયથી ચાલતા કાનૂની સંઘર્ષ વચ્ચે અચાનક થયેલી આ દુખદ ઘટના કોર્ટ પરિસરમાં હાજર સૌને વ્યથિત કરી ગઈ હતી.

## બીલીમોરા - ગણદેવી વિસ્તારમાં ચંદ્રગ્રહણ નિમિત્તે મંદિરોના કપાટ બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** હોળી અને ધુળેટી વચ્ચે આવેલા ચંદ્રગ્રહણને પગલે બીલીમોરા શહેર અને ગણદેવી તાલુકામાં ધાર્મિક માન્યતાઓ અનુસાર મંદિરોના કપાટ બંધ રાખવામાં આવ્યા હતા.મંગળવારે સવારે ૬ વાગ્યાથી સૂતક કાળ શરૂ થતા જ અનેક મંદિરોના દરવાજા બંધ કરવામાં આવ્યા હતા, જે સાંજે ૭ વાગ્યે ગ્રહણ પૂર્ણ થયા બાદ ખુલ્યા હતા. બીલીમોરા સ્થિત સોમનાથ મંદિર, જય જલારામ મંદિર સહિત સેંકડો મંદિરોમાં વહેલી સવારે આરતી બાદ નિયમિત કાર્યક્રમો સ્થગિત રાખવામાં આવ્યા હતા અને સાંજે પુનઃ આરતી કરવામાં આવી હતી. ગ્રહણ દરમિયાન ધાર્મિક સ્થળોની પવિત્રતા જળવાઈ રહે તે હેતુથી કપાટ બંધ કરવાની પરંપરા અનુસરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે ચંદ્રગ્રહણ એક ખગોળીય ઘટના છે, જેમાં પૃથ્વી સૂર્ય અને ચંદ્ર વચ્ચે આવી જતા ચંદ્ર પર પૃથ્વીનો પડછાયો પડે છે અને આ સ્થિતિમાં ચંદ્રગ્રહણ સર્જાય છે. દેશ-વિદેશમાં ખગોળપ્રેમીઓએ આ દૃશ્યનો નિરીક્ષણ કરી રોમાંચ અનુભવ્યો હતો.



## વલસાડ સરોધી હાઈવે ક્રોસ કરતા આધેડનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ તાલુકાના સરોધી ગામેથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ ની બાજુમાં બાબાસલોની ધાબા નામની હોટલ દશરથભાઈ દલપતભાઈ સાલવી ની આવેલી છે. આ હોટલમાં છેલ્લા કેટલાક સમયથી બાલ બહાદુર ઈન્દ્રાવદન થાપા ઉંમર વર્ષ ૪૬ બાબા સલોની ધાબા પર રહે છે. ગઈકાલે રાત્રે એક કલાકે પોતાનું હોટલનું કામકાજ પતાવી સુરત થી મુંબઈ જતા રોડ ઉપર આવેલ દિલ ખુશ હોટલની સામે ના હાઈવે પરથી હાઈવે રોડ ક્રોસ કરતો હોય કે દરમિયાન એક મારુતિ કાર નંબર જીજે ૦૫/ સી વાય ૨૯૦૭ નો ચાલક સમીરભાઈ આદમભાઈ સોલંકી ઉંમર વર્ષ ૩૭ રહે.ખોડલ વાડ ગામ પટેલ ફળિયુ કામરેજ જી સુરત એ બાલબહાદુર ઈન્દ્રવંદન થાપા ઉ.વ. ને અડફેટે લેતા તેને માથામાં તથા શરીર નાની મોટી ઈજા થતા ૧૦૮ ની ટીમલી ફોન કરતા ઘટના સ્થળે તાત્કાલિક ૧૦૮ ની ટીમ આવી જોયું તો બાલ બહાદુર થાપા નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાની જાહેર થતાં વલસાડ રૂરલ પોલીસ ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. મરણના વલસાડ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ ગયા હતા જે અંગે હોટલ માલિક દશરથભાઈ સાલવીએ કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ડુંગરીમાં અકસ્માતમાં ઈજા પામનાર મહિલના દાગીના ૧૦૮ની ટીમે પરત કર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૩ :** ડુંગરીમાં આવેલી શાળા પાસે અકસ્માતની ઘટનામાં ઈજા પામેલી મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ ની ટીમે સારવાર આપ્યા બાદ એમણે પહેરેલા આશરે ૨૦ લાખના દાગીના ૧૦૮ ના પાયલોટ અને ઈએમટીએ તેમના પરિજોનોને પરત આપી માનવતા મહેકાવી છે.

હાલમાં સોના ચાંદીનો ભાવ આત્માને પહોંચી ગયો છે. સોના ચાંદી જો કોઈને મળી જાય કે કોઈ અકસ્માતમાં બેભાન અવસ્થામાં ઈજા પામેલા વ્યક્તિના શરીર પરથી ઉતારી દે તો તેમને ખબર પણ નહીં પડે. ત્યારે વલસાડ નજીકના ડુંગળી ગામે આવેલી એક શાળા નજીક અકસ્માતની ઘટના બની હતી ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ ઈજા પામેલી મહિલાને હાથમાં ફ્રેક્ચર અને માથામાં ઈજા પામતા તેમને સ્પાઈન બોર્ડ પર લઈ સર્વાઈકલ કોલર લગાવવામાં આવ્યો હતો અને હાથમાં ફ્રેક્ચર હોવાથી સ્પ્લિટ કરીને એમ્બ્યુલન્સમાં ખસેડવામાં આવ્યા હતા. તમામ વાઈટલ ચેક કર્યા બાદ, ડોક્ટરની સલાહ મુજબ ઈન્જેક્શન અને સારવાર આપી તેમને કસ્તુરબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે આ માર્ગ અકસ્માતમાં ગયેલ થયેલી મહિલાના શરીર પરથી આશરે ૨૦ લાખના કિંમત ના દાગીના મળી આવતા તેમણે તેમના પરિજનોને બોલાવી પરત આપી માનવતા મહેકાવી હતી. આશરે ૨૦ લાખો રૂપિયાના દાગીના મિતેશભાઈ ને આપતા તેમણે ૧૦૮ ટીમના તેજલબેન અને રાકેશભાઈ ની ઈમાનદારી અને સમયસર મદદ બદલ આભાર માન્યો હતો.

## વાપી પંથકમાં ઠેર ઠેર હોલીકા દહનની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** વાપી પંથકમાં હોળી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. હોળી નિમિત્તે શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર હોળીકા દહનના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી પરંપરાગત વિધિ અનુસાર પૂજા-અર્ચના કરી હતી.

વાપી શહેર અને તેની આજુબાજુના વિસ્તારોમાં ગઈકાલે તારીખ ૨ ૩ ૨૦૨૬ ને સોમવારના સાંજ પડતા જ વિવિધ સોસાયટીઓ, રહેણાંક વિસ્તારો અને ગામડાઓમાં હોળીકા દહન માટે ખાસ તૈયારીઓ કરવામાં આવી હતી. વાપીના હનુમાનજી મંદિર ત્રણ રસ્તા વાપી મુખ્ય બજારમાં આવેલ ઝંડા ચોક તેમજ ગોદાલ નગર મુખ્ય ગેટ પાસે તેમજ વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરાયેલા ગામડાઓમાં પોત પોતાના ફળિયામાં તેમજ જ્યાં વર્ષોથી હોલિકા દહન કરવામાં આવે છે તે સ્થળે લોકો દ્વારા લાકડાં, ઉપલા અને અન્ય સામગ્રી એકત્રિત કરી વિધિપૂર્વક હોળી પ્રગટાવવામાં આવી હતી. મહિલાઓએ પરંપરાગત વસ્ત્રોમાં પૂજન કરી પરિવારના સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. બાળકો અને યુવાનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક વિસ્તારોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજન-કીર્તન તેમજ લોકગીતોના કાર્યક્રમો યોજાતા માહોલ ભક્તિમય અને આનંદમય બની ગયો હતો. હોળીકા દહન બાદ લોકોએ એકબીજાને અભિનંદન આપ્યા હતા.



## વલસાડ રેલ્વે પોલીસે મૂળ માલિકને મોબાઈલ ફોન પરત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ રેલ્વે પોલીસ મથકના પી.આઈ. એમ. બી.વસાવા ની સુચનાથી વલસાડ રેલ્વે સ્ટેશનને આવતા જતા પેસેન્જરોની ચીજ-વસ્તુઓ ગુમ ન થાય તે માટે પેટ્રોલીંગ રાખવા તેમજ ગુમ થયેલ મોબાઈલ ફોન, મુદ્દામાલ શોધી કાઢી મુળ માલિકોને પરત કરવા જણાવ્યું હતું જેના સંદર્ભે તારીખ ૧૭/૦૧/ ૨૦૨૬ ના રોજ ૧૩,૪૯૯ રૂપિયાનો મોબાઈલ ફોન ઉમેશભાઈ ગોપલભાઈ ખુપસે, રહે- ખોડીયાર રેસિડેન્સી ફ્લેટ નં. ૧૦૬ શેઠયાનગર પારડી-સાંઢપોર, વલસાડનો મોબાઈલ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે પેસેન્જરોની ભીંડમાં મોબાઈલ ફોન ગુમ થઈ ગયો હતો જેના સંદર્ભે રેલવે પોલીસમાં ફરિયાદ અરજી આપી હતી. જે મોબાઈલ શોધી કાઢી મોબાઈલ ફોન મળી આવતા, આજરોજ મોબાઈલ ફોનનાં મુળ માલીક નામે ઉમેશભાઈ ગોપલભાઈ ખુપસે, રહે.ખોડીયાર રેસિડેન્સી ફ્લેટ નં. ૧૦૬ શેઠયાનગર પારડી-સાંઢપોર, વલસાડને વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન બોલાવી મોબાઈલ ફોન પરત આપી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કામગીરી કરેલ છે.

## ધરમપુરમાં કારની ટક્કરે બાઈક સવાર યુવાનનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૩ :** ધરમપુર તાલુકાના ધામણી ગામે સાવરમાળ ફળીયા નજીક ધરમપુરથી વેરીભવાડા જતાં માર્ગ પર કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૨૮ વર્ષીય યુવાનનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંડવળ ગામના મૂળગામ ફળીયાના રહેવાસી સોમાભાઈ રૂપજીભાઈ વાજવડીયાના પુત્ર કૈલાશભાઈ સોમાભાઈ વાજવડીયા પોતાની હીરો સ્પ્લેન્ડર (રજી. નં. GJ-15-DA-0841) મોટરસાઈકલ પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન સામે દિશાથી આવતી મારુતિ સુઝુકી ઈકો કાર (રજી. નં. GJ-15-CK-2705)ના ચાલક કેતન હસમુખભાઈ પટેલ (રહે. પ્રતાપનગર, તા. વાંસદા) દ્વારા કાર ગફલતભરી અને તેજ ગતિએ હંકારી બાઈકને જોરદાર ટક્કર મારવામાં આવી હતી.

અકસ્મતમાં કૈલાશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમજ ડાબા પગમાં ફ્રેક્ચર થતાં તેમની હાલત નાજુક બની હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ દરમિયાન જ તેમનું કરુણ અવસાન થયું હતું.

આ બનાવ અંગે પિતા સોમાભાઈ દ્વારા ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**